# જિનાજ્ઞા

સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર
ન્યાયવિશારદ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અને તેઓશ્રીના પટ્ટધર
પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની અધ્યાત્મવાણી પ્રસરાવતું માસિક પત્ર

વર્ષ-૧૬ ✿ વિ.સં. ૨૦૭૨ ❖ પોષ ❖ તારીખ : ૧-૨-૨૦૧૬ ❖ અંક-૩


## ‘પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશિ’


સંઘહિતચિંતક પૂજ્ય આચાર્ય
શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ


**પ્રભુનું આલંબન કરતાં ગુણના ઢગવાળી પોતાની પ્રભુતા પ્રગટ થાય; પણ દુનિયાનું આલંબન કરતાં નહિ.**

**‘‘પ્રભુજીનું આલંબન કરવું’’ એટલે ?**

સતત કે વારંવાર પ્રભુજીના જીવનપ્રસંગ નજર સામે લાવી લાવી મન પર એનું અંજામણ રહ્યા કરે, ‘પ્રભુના કેવા અદ્ભુત જીવનપ્રસંગ !’ એમ વારેવારે મન એથી અંજાયા કરે; તો એથી ભગીરથ પુરુષાર્થ પ્રગટ કરાય, અને એમાંથી પોતાની પ્રભુતા પ્રગટ થાય, જે ગુણોના થોકભરી હોય. ‘મનથી પ્રભુનું આલંબન લેવાનું’ એટલે મન પર પ્રભુનું અંજામણ ઊભું કરવાનું. એટલે શું કરવાનું એ સમજવા માટે દુન્યવી દાખલો લો.

**મન અંજાયાનો દાખલો :**

દા.ત. મન પર સારા સુખી માણસનું જો અંજામણ હોય છે, તો મનને એમ થાય છે કે,-‘ઓહો ! આ ભાઈ આટલા ઠાઠથી રહે છે ! નાસ્તામાં દસ જાતના પ્રવાહી અને ચોવીસ ચીજો ! કપડાં સાફ સફાઈવાળાં, તે ઘરનાં જુદા, બજારના જુદા, સગા-સ્નેહીને ત્યાં જવાના જુદા ! ભાઈની આરામ-પદ્ધતિ, યાત્રા-પદ્ધતિ, મિજબાની પદ્ધતિ...વગેરે વગેરે બધું અવ્વલ ! વાહ ભાઈ ! વાહ ! કેવું સુખી જીવન !’ આમ મન જો સુખીનાં જીવનની વિવિધ બાબતોથી અંજાયા કરતું હોય છે, તો પછી પોતાના જીવન પર એનો પ્રભાવ પડે છે; પોતાની પહોંચ પ્રમાણે ખાનપાન-વસ્ત્ર-રાચરચિલું-યાત્રા-મિજબાની વગેરેમાં પેલાની છાયા ઊતરે છે, અંશે અનુકરણ કરાય છે. પાછું વળી, આઘો જાય પાછો જાય, સ્થાન-સ્થાનમાં પેલાની રીતરસમ યાદ આવે છે. એટલું જ નહિ, પણ એનાં ગાણાં ગવાય છે. ચિત્તને ‘ઓહો !’ ને ‘વાહ ! વાહ !’ થયા કરે છે. આ બધાં મન પર સુખીનાં જીવનના અંજામણ લક્ષણ છે.

બસ, એવું અંજામણ પ્રભુનાં જીવનનું આપણા મન પર લાવવાનું છે. પ્રભુનું જીવન નજર સામે આવી આવીને મનને એમ થયા કરે કે ‘ઓહો ! શું પ્રભુની ક્ષમા ! કેવો પ્રભુનો ત્યાગ ! કેવી સહિષ્ણુતા ! કેટકેટલા ઘોર કષ્ટોનાં વધામણાં !’... મન પર આની વાહવાહ લાગે, આનું અંજામણ થાય, એટલે જીવન પર એની છાયા ઊતરે. આઘા જઈએ પાછા જઈએ, પરંતુ મન પરનું આ અંજામણ મનમાં એ ગુણોની યાદ લાવ્યા કરે.

વ્યવહારમાં જુઓ શું થાય છે. કોઈ ભપકાબંધ ધનવાન પાડોશીનું અંજામણ હોય છે તો એની શ્રીમંતાઈ અને એના ઠઠારા વારે વારે યાદ આવે છે. તમે જો કહો કે ‘એ તો પાસે રહેતો હોવાથી રોજ દેખાયા કરે એટલે એનું યાદ આવ્યા કરે ને ? પરંતુ તો પછી તમે સમજી લો કોઈ ભગવાનને ય આપણે રોજ ક્યાં નથી જોતા ? મંદિર પાસેથી થઈને રોજ જવું-આવવું પડતું હોય, ત્યાં ભગવાન પાસે જ રહ્યા ગણાય ને ? તો પછી જો પેલાની શ્રીમંતાઈ અને ઠઠારા યાદ આવે તો આમના ઉચ્ચ ત્યાગ-વૈરાગ્ય-સહિષ્ણુતા વગેરે ગુણો કાં ન યાદ આવે ?’

જો પ્રભુના કે બીજા મહાપુરુષોનાં અંજામણથી એમના મહાન ગુણો વારંવાર યાદ આવે તો તો મનને લગન રહે રટણ રહે કે હું ક્યારે આ ક્ષમાદિગુણની સમૃદ્ધિવાળો થાઉં ! અને જો મનમાં આવી રટણ ચાલ્યા કરે, લગની રહ્યા કરે, તો ક્રોધાદિ થવાના પ્રસંગ પર ઝટ ક્ષમાદિ રાખવા પ્રયત્ન કરાય, સાવધાની રહે.

**કોઈક જ વારની યાદગીરીનો નહિ, પણ વારંવારની રટણાનો આ પ્રભાવ છે કે અવસરે, એ રટેલું, સામે આવી ઊભું રહે.**

અભિમાનીને આનો અનુભવ છે. મનમાં અભિમાનની લાગણી


(અનુસંધાન પાના નં. ૩૮ ઉપર)


## આચારની આવશ્યકતા


સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્ય
શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ


આજકાલ ઘણાના મોઢામાંથી ક્રિયાની સુગ-અરૂચિ, આચારમાર્ગ પ્રતિ અણગમો સૂચવતા શબ્દો-વાક્યો સાંભળવા મળે છે કે ભાઈ ! આપણા ધર્મમાં તો ક્રિયાઓ બહુ, આચારોનું બંધન ઘણું, ડગલે ને પગલે તપ કરો-ત્યાગ કરો, પૂજા કરો, પ્રતિક્રમણ કરો, રાત્રિભોજન છોડો-કંદ-મૂળ-અભક્ષ્ય ન ખવાય-અનીતિ ન કરાય આવા અનેક પ્રકારના વાતો અને નિયંત્રણો.

તેની સામે ધ્યાન-મેડીટેશનનો માર્ગ કેટલો સરળ અને સારો ! શરીરને કોઈ જ કષ્ટ આપવાનું નહીં માત્ર મનને કેળવવાનું-સારા વિચારો કરવાના અને તેનાથી પ્રસન્નતા-શાંતિ પણ તુરંત અનુભવવા મળે. મન ચોખ્ખું-પ્રસન્ન બને એટલે બસ...

આમ ય ભાવથી જ બધુ મળશે ને ?

આવી વ્યક્તિઓને કહેવાનું મન થાય કે ભાઈ ! સંસારનું હોય કે સાધનાનું, ક્રિયા વગર એકલા ભાવથી કયું કામ થયું છે ? પછી એ ભોજનનું હોય કે વેપારનું હોય, શિક્ષણનું હોય કે મંઝિલે પહોંચવાનું. ભાવ-નિશ્ચય જોઈએ પણ એકલા તેનાથી કાંઈ ન વળે. નીચેથી માંડી ઉપરની ભૂમિકાવાળા બધાને ક્રિયા-આચારમાર્ગ ઉપયોગી છે તેથી કહ્યું કે...

‘જે આત્માને કર્મથી-દુ:ખથી-પાપથી-સંકલ્પ વિકલ્પથી અને મોહ-માયારૂપ સંસારથી મુક્ત થઈને શાશ્વત મોક્ષ સુખને પામવું હોય તેણે જીવનમાં સંવેગ કેળવવો પડે. સંવેગ આવે એટલે વૈરાગ્ય સાહજિક-સ્થિર-વાસ્તવિક આવે છે અને વાસ્તવિક વૈરાગ્ય આવે ત્યારે સંવેગ-સાહજિક અને પ્રબલ આવે છે.’

જે આત્માનાં હૃદયમાં અત્યારે વૈરાગ્ય વિશેષ નથી. એ ટકતો નથી-વધતો નથી-મોહમાયામાં મન અટવાયા કરે છે તે આત્માએ વૈરાગ્યની પ્રાપ્તિ માટે સંવેગના ઉપાયો અજમાવવા એટલે કે દેવ-ગુરૂ-સંઘ-ધર્મી-ધર્મના આચારોમાં આદર-ભક્તિથી મન દઈને જો પ્રવર્તે તો હૃદયમાં રહેલ મોહ-માયાની ગાઢ મમતાને-માનસિક નિર્માલ્યતાને ક્ષણભરમાં નાશ કરનાર પ્રબલ શક્તિ સંપન્ન પરમાત્માનો-ગણધર ભગવંતોનો સહયોગ-સાનિધ્ય મળે તેવા પ્રકારના પુણ્યની પ્રાપ્તિ દેવ-ગુરુ વગેરે ધર્મની ઉપાસનાથી થાય છે અને વૈરાગ્ય કાલાંતરે સાહજિક ઉગ્ર મળે છે.

સંવેગ અને વૈરાગ્ય બન્ને પરસ્પર ગાઢ મિત્ર છે તો સામે પક્ષે ધર્મની અરુચિ અને સંસારનો રાગ એ બે ગાઢમિત્ર છે અને સંવેગ-વૈરાગ્યના દુશ્મન છે. તેથી બે જોડીમાંથી એક આવે તો બીજી ખસે, બીજો આવે તો પહેલો હટે. કેમકે બન્ને વચ્ચે કાયમ તુમુલ-ઉગ્ર વિરોધ અને યુદ્ધ હોય છે.

સદ્આચાર એ વ્યવહાર સંવેગ છે તે પુણ્ય દ્વારા દ્રવ્યત્યાગ અને ભાવવૈરાગ્યને પ્રાપ્ત કરાવે છે. અને ધર્મની અરુચિનો નાશ કરી-ધર્મની ભાવના અને તીવ્રતા ઊભી કરે છે, સંસારના રાગને ઘટાડીને યાવત્ નાશ કરે છે. વૈરાગ્યને સ્થિર-દૃઢ બનાવે છે માટે આદર-ભક્તિ-ઉલ્લાસપૂર્વકનો વ્યવહાર-આચારરૂપ સંવેગના કારણભૂત ધર્મની પ્રવૃત્તિ એ ભાવવૈરાગ્યને ઉત્પન્ન કરે છે અને ભાવસંવેગને તીવ્ર બનાવે છે. અસદ્આચારના ત્યાગનું સામર્થ્ય સદ્આચારથી પ્રાપ્ત થાય. આદરપૂર્વકનો સદ્આચાર સદ્ભાવનાના બીજો યુક્ત જ હોય છે અને તેથી અસદ્આચારો સાથે અસદ્ભાવનાઓનો પણ હ્રાસ થતો આવે છે. બીજી બાજુ સદ્આચારો અને સદ્ભાવનાઓ વિકસિત-વૃદ્ધિંગત બને છે. માટે સારા આચારોએ


(અનુસંધાન પાના નં. ૩૮ ઉપર)

(અનુસંધાન પાના નં. ૩૭ નું)

વારંવાર લાવ્યા કરી હોય છે, માન રહ્યા કર્યું હોય છે એટલે અવસર મળતાં, ઝટ અભિમાન પ્રગટ થાય છે. વિષયાંધ માણસને ઈષ્ટ વિષયની બહુ રટણા રહે છે તેથી જ્યાં સહેજ પણ મોકો મળ્યો કે ઝટ મનમાં એ વિષય આવીને ખડો થઈ જ જાય છે. તો પછી પ્રભુની પાસે રહેતા હોઈએ યા પ્રભુને વારેવારે હૈયામાં લાવ્યા કરતા હોઈએ અને એમના ગુણો સુકૃતો મનમાં રટાયા કરતા હોય તો મોકો આવ્યે કેમ એ યાદ ન આવે ? મૂળ જરૂરી આ, કે મન પર એ પ્રભુની વિશેષતાઓનું અંજામણ જોઈએ. ધ્યાન રાખજો,

**કોઈ ચીજ કે વ્યક્તિને સારી કહેવી એ જુદું; અને એનું અંજામણ હોવું એ જુદું.**

ઠોઠ નિશાળિયાને હોશિયાર વિદ્યાર્થી સારો તો લાગે છે, પરંતુ એના મન પર એ હોશિયારનું ખટકતું નથી, એની શરમ નથી લાગતી, એનો બાપ જો એને ઠપકો આપે કે અલ્યા એ ! જો આ પાડોશીનો છોકરો કેટલી મહેનત કરી કેવો હોશિયાર બની ગયો ? ત્યારે ઠોઠ કહેશે કે, એ ભણવામાં સારો છે એ તો હું ય કહું છું, પણ એનું પુણ્ય ચડિયાતું છે એવું મારું નથી. લો, આ શું કર્યું ? પોતાની ઠોઠગીરીનો ખેદ અરેકારો રહ્યો ? કેમકે પેલાની હોશિયારીનું અંજામણ જ નથી કે વાહ ! કેવી સરસ હોશિયારી ! આપણને એ ક્યારે મળે ? આમ, હોશિયારી-સારાપણું માનવું જુદું, અને એનું અંજામણ હોવું એ જુદું, એવું અંજામણ જેને હોય છે એ વિદ્યાર્થીઓ સારાનાં આલંબને સારા થવા હોશિયાર થવા કેટકેટલું મથતા હોય છે.

એવું પ્રભુનું અને મહાપુરુષોનું અંજામણ જોઈએ. કેટલાય માણસો પત્નીના અંજામણમાં પત્ની જો ધર્માત્મા હતી તો એના ધર્મનું અનુકરણ કરવા લાગી ગયા, અને ધર્મી બની ગયા. ત્યારે કેટલાક ધર્મી છતાં જો પત્ની અધર્મી આવી મળી, મોજી વિલાસી અને વિષયમૂઢ આવી મળી, તો એનાં અંજામણમાં પડી ગયા.

**મન પર કોઈનું ઘેરૂં અંજામણ કઠિન વાતને ય સરળ બનાવી દે છે.**

એવી સુંવાળી અને બાપને ઘેર મોજથી ઊછરેલી કન્યાને જો મૂરતિયાનું અંજામણ લાગી ગયું તો પરણ્યા પછી એની સાથે રહેતાં, એના જીવનની કઠિન પણ વાતોને પોતે પોતાનાં જીવનમાં ઊતારતી થઈ જાય છે. પેલો કહે, મારે તો ચહાનો ત્યાગ છે, તો આય કહેશે કે તો પછી મારે પણ એ ન જોઈએ. માત્ર, ઘેરું અંજામણ જોઈએ, પછી કશું કઠિન નથી. મન પર મહાન પુરુષોનાં ઘેરાં અંજામણ લાવો; એટલે મનમાં એમના ગુણો એમની સાધના, એમનાં સુકૃતો વિશેષતાઓનું પણ અંજામણ ઊભું થાય, એની વારંવાર રટણા રહે, લગની રહે, એટલે પછી એ માટે શક્ય પ્રયત્ન થાય.

### ગૌતમ-સુલસાને પ્રભુનું કેવું અંજામણ ? :

ગૌતમસ્વામી મૂળ તો મિથ્યામતમાં પડેલા હતા. પરંતુ શ્રી મહાવીર પ્રભુએ એમના મનનો સંશય કહી બતાવી એનું સુંદર નિરાકરણ કર્યું તેથી ગૌતમ મહારાજના મન પર વીર પ્રભુનું ઘેરું અંજામણ ઊભું થઈ ગયું. ત્યારે પછી તો તરત ત્યાં જ ચારિત્ર લઈ પ્રભુના શિષ્ય બની પછી જિંદગી સુધી એ અંજામણમાં કેવું ઉત્તમ જીવન જીવ્યા ?

સુલસાને પ્રભુનું અંજામણ હતું તો અંબડે એને આકર્ષવા બ્રહ્માજી વગેરેનાં સાક્ષાત્ રૂપ કરીને પણ ખાંડ ખાધી. સુલસાએ તો પ્રભુનાં જ સ્મરણની ધૂન લગાડી, જેથી મનમાં બીજું કશું આવે નહિ. પ્રભુનું યાદ કરવા પ્રભુનું જીવન-સુકૃતો-ગુણો-ઉપકારો અને પ્રભાવ ક્યાં ઓછા છે ?

### કુમારપાળને કેવું અંજામણ ? :

કુમારપાળ મહારાજાને ગુરુ હેમચંદ્રસૂરિજી મહારાજનું અને એમના દ્વારા શ્રી જિનેશ્વર દેવ અને જૈન ધર્મનું અંજામણ લાગ્યું તો એણે જીવન કેવુંક ફેરવી કાઢ્યું ? મોટા અઢાર દેશનું તંત્ર સંભાળવાનું છતાં રોજ પોતાનાં દ્રવ્યોથી ત્રિકાળ જિનભક્તિ કરવા જોઈતી હતી. બોલો, તમારા પર પણ પ્રભુનું અંજામણ છે ને ? તો રોજ સારાં તમારા પોતાનાં દ્રવ્યો લઈ પ્રભુની ત્રિકાળ પૂજા ભક્તિ કરો છો ને ? ના ? તો પછી અંજામણ શાનું ? અંજામણમાં તો પછી એમનું જ આલંબન લેવાય, એમના ગુણો-સાધનાઓ-ઉપકારો વગેરે બધું નજર સામે આવ્યા કરે, અને એનું જ મહત્ત્વ લાગ્યા કરે, એમની ભોગ આપીને ભક્તિ થાય.

ઈતિહાસમાં મહાપુરુષોનાં આ અંજામણ ઊભાં થઈ જાય, પછી એમનું જ આલંબન વારે વારે લેવાય; એમના નિર્મળ ધર્મનું અંશે ય અનુકરણ કરવા ઝંખના રહે, પ્રયત્ન રહે. કરો, આ જિંદગીમાં આ ખાસ કરવા જેવું છે કે દુનિયાના શ્રીમંતો સત્તાધીશો, માનવંતાઓ ભણેલાઓ વગેરેનાં અંજામણ હેઠા ઊતારી પૂર્વના મહાપુરુષોનાં અંજામણ મન પર ઊભા કરો. એમના ત્યાગ, તપ, દાન, વ્રત-નિયમ, એમની ઉદારતા-સહિષ્ણુતા-ગંભીરતા, દયા-સત્ય-સત્ત્વ વગેરે પર હૈયું ઓવારી જાય. આ થાય તો જ એમના આલંબને એ નિર્મળ ગુણો અને ધર્મની આરાધના થાય. ●

(અનુસંધાન પાના નં. ૩૭ નું)

સત્પુન્ય દ્વારા-સારી ભાવનાઓના બળ પર ખરાબ-વિપરિત આચારોની અરુચિ ઊભી કરી છે. શકયતા મુજબ તેવી પ્રવૃત્તિઓનો ઘટાડો કરે છે અને પ્રવૃત્તિ ઘટતા પરિણામો ઘટે એ ન્યાયે દુષ્ખ-દુર્ગતિદાયક અશુભભાવનાઓની પણ ઘટ થાય છે. અંતરમાં તેના પ્રત્યે જુગુપ્સા જન્મે છે. આમ ખરાબ પ્રત્યે અંદર તિરસ્કાર-બહાર પ્રવૃત્તિ પર નિયંત્રણ આવતા અને સારા પ્રતિ આદર અને વ્યવહારમાં આચરણ આવતાં ક્રમે કરીને જીવ મોક્ષની આરાધનામાં આગળ વધે છે. દૃઢ અને સ્થિર થાય છે.

તારણ એ આવ્યું કે આદર-રુચિ પૂર્વકનો વ્યવહાર આચારમાર્ગ એ પ્રધાન મોક્ષમાર્ગ છે. માટે પંચાચારને મોક્ષમાર્ગ કહ્યો છે.

સદ્આચાર એ સંવેગનું સ્વરૂપ છે. મોક્ષની ઈચ્છાનું સૂચક છે. આચાર એ મોક્ષમાર્ગે ગતિ છે. આચાર એ સંસારમાર્ગથી નિવૃત્તિ છે, આચાર એ સદ્વિચારોનું મૂળ છે. આચાર એ અસદ્વિચારોને રોકનાર છે. જ્યાં સુધી અસદ્વિચારો ન રોકાય ત્યાં સુધી વિચારોને ઘટાડવા માટે પણ અસદ્ આચારો પ્રવૃત્તિ રોકવામાં આવે તોય અસદ્વિચારોનો ઘટાડો થવા પામે છે.

આ બધો વ્યવહારધર્મ જો આદર-વિનય-શિસ્તયુક્ત હોય તો એ ભાવધર્મનો અંશ છે. પ્રકૃષ્ટભાવ-ધર્મનું કારણ બને છે. આ મોક્ષપ્રાપ્તિનો અને સંસારનાશનો પ્રધાન ઉપાય છે. સર્વતીર્થંકર પરમાત્મા શાસનની સ્થાપના દ્વારા વાસ્તવમાં તો વ્યવહારધર્મનું સ્થાપન કરે છે અને એ જ નિશ્ચયભાવની પરાકાષ્ટા અને મોક્ષનો પ્રધાન રાજમાર્ગરૂપ ઉપાય બને છે. મોટાભાગના આત્માઓ આ વ્યવહારધર્મ-આચારપાલન દ્વારા ભાવધર્મની પ્રાપ્તિ અને પરાકાષ્ટા પામી મોક્ષે જતાં હોય છે. તેથી આદરપૂર્વક આચારધર્મમાં આગળ વધવું જોઈએ અને ચુસ્ત બનવું જોઈએ. ●

## સિદ્ધાંત દિવાકર
## એક પ્રગટ્યો તેજ સિતારો...

### ભાખરીથી 'વા-ફરી'

આયુર્વેદ શાસ્ત્રના નિયમ મુજબ તંદુરસ્ત વ્યક્તિના સ્વસ્થ સ્વાસ્થ્યમાં કફ-પિત્ત અને વાયુની સમપ્રમાણતા કારણ છે.

જ્યારે તે ત્રિકોણ આઘા-પાછા થઈ જાય ત્યારે શરીરનું સ્વાસ્થ્ય તંત્ર ખોરવાઈ જાય છે.

જૈનશાસ્ત્રમાં જણાવાયેલી ક્રિયાની વિધિ જ એવી છે કે આરાધનાની સાથે તંદુરસ્તી સ્વયમેવ જળવાઈ રહે.

એક યોગાચાર્યના કથન મુજબ ૧૭ સંડાસા પૂર્વકના ખમાસમણાથી પગથી માંડીને પેટ અને ડોક સુધીની 'એક્સરસાઈઝ' થઈ જાય છે; વળી બીજી કસરતની જરૂર નથી રહેતી.

તેમનું કહેવું હતું કે **જો જૈનધર્મની માત્ર પ્રતિક્રમણની ક્રિયા જ વિધિપૂર્વક કરવામાં આવે તો 'યોગા' કરવાની જરૂર ન પડે; છતાંય જો કોઈ યોગાસન કરે તો તેની તબિયત સુધરવાને બદલે બગડે. યોગાનો 'ઓવરડોઝ' થઈ જવાને કારણે !**

ઓઘનિર્યુક્તિમાં એક વાત આવે છે. સાધુ ગરમીમાં ગોચરી જઈને પાછા ફરી રહ્યા છે. શ્રમ અને ગરમીને કારણે થયેલી ધાતુઓની વિષમતાને જોઈ તેમને તરત વાપરતાં વારવા માટે વૈદ્ય સાધુની પાછળ ગયો. સાધુ શૂન્યમંદિરમાં જઈને બેઠા. થોડીવાર પછી વાપરવાનું ચાલુ કર્યું ત્યારે ધાતુઓ 'સમ' થઈ ગયા હતા.

વૈદ્યે સાધુને પૂછ્યું : 'શું તમે વૈદક ભણ્યા છો કે તરત ન વાપરતાં થોડીવાર પછી વાપર્યું ?

'ના, મારા પ્રભુની આજ્ઞા છે કે ગોચરી વાપરતાં પહેલાં દશવૈકાલિકની ૧૭ ગાથાની ભાવના કરવી પછી વાપરવું. વૈદક શાસ્ત્રનો મને કક્કો ય આવડતો નથી.' સાધુનો જવાબ સાંભળીને વૈદ્ય અવાક્ થઈ ગયો.

છતાં ય જ્યારે નિકાચિત કે પ્રબળ કર્મોનો ઉદય થાય ત્યારે શરીર કો'ક રોગનું ભોગ બની જાય ત્યારે સ્થવિરકલ્પી સાધુઓને રોગ પ્રતિકાર કરવાની છૂટ આપવામાં આવી છે.

એકવાર સાહેબને ઢીંચણના 'વા' નો દુઃખાવો થયો. ઔષધ લીધું કિન્તુ કોઈ ફરક પડતો ન'તો.

**'શરીરને સંભાળવું પણ પંપાળવું નહીં' તેવા વિચારે સાહેબે પંપાળવાનું ગૌણ કરી દીધું.**

એકવાર સાંજના સમયે ભાખરી વધી. વાપરનાર બીજા હતાં નહીં. પરોપકારમાં પરાયણ સાહેબ પોતાના દર્દને એક બાજુએ મૂકી વાપરવા બેઠાં. જેથી પારિષ્ઠાપનિકા સમિતિની ફરજ સાધુને ન બજાવવી પડી !

સામાન્યથી 'વા' ના દુઃખાવામાં અધિક આહાર નુકસાનકારક અને રોગવૃદ્ધિકારક પૂરવાર થયો છે. છતાં ય સાધુની ભક્તિથી અને સહાય કરવાના ભાવથી વાપરેલી એ ભાખરીએ સાહેબના 'વા' ને કાયમ માટે ફેરવી નાંખ્યો.

સવારે ઉઠ્યા ત્યારે દુઃખાવો ગાયબ થઈ ગયો.

**એ ભાખરીમાં ભક્તિનું કયું જાદુ થઈ ગયું કે જ્યાં ભલભલી ઔષધિઓ પાછી પડી ત્યાં ભાખરી ખરખરો કરી ગઈ ! ભાખરીથી ખરી ગયેલો 'વા' હજી સુધી પાછો ફર્યો નથી !**

: આલેખન :

પરમ પૂજ્ય મુનિશ્રી રત્નભાનુવિજયજી મહારાજ

# વૈરાગ્ય શતક

વાચનાદાતા : સિદ્ધાંત દિવાકર

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ

સંકલન : પરમ પૂજ્ય મુનિરાજશ્રી સત્યકાંતવિજયજી મહારાજ

**ઉપદેશ આગળ વધારવા કામ લાગે-અસ્થિરને સ્થિર કરવા કામ લાગે-જે સાંભળે-વિચારે એવાને કામ લાગે. જે માર્ગની બહાર હોય, કર્તવ્યમાં ન હોય કે અકર્તવ્યમાં હોવા છતાં એ લાઈન છોડી શકે તેવા હોય તેને ઉપદેશ આપવો ગુણકારી છે.**

માટે ધર્મને અભિમુખ કરવા આ ગાથામાં જણાવે છે કે બુજ્ઝ-એટલે જાગ્રત થા-સાવધ બન-મુંઝાતો નહિ.

જે જીવો પાપ આચરે છે તે કર્તવ્યને ન જાણવાથી-ન સમજવાથી-એમાં રુચિ ન કરવાથી, એમાં રસ ન આવવાથી, કર્તવ્ય છોડીને પાપ આચરે છે. આવા જીવો પાછા અકર્તવ્યને રસથી આચરે છે, એમાં મુંઝાયા છે, મમતાથી રાગાંધ થયા છે અને અકર્તવ્યને કર્તવ્ય સમજીને પાપ આચરે છે.

આ પાપનો રસ એ ભાવ પાપ છે અને પાપનું દ્રવ્ય આચરણ પણ કરે છે તેનાથી જીવ પરલોકમાં દુઃખને પામે છે. પાપની રુચિ અને આચરણથી હે જીવ ! પરલોકમાં દુઃખનું ભાજન તું થશે તે શું તું જાણતો નથી ? માટે મોહ છોડીને કર્તવ્ય, અકર્તવ્યને તું સમજ.

જીવની ચાર પ્રકારની ભૂમિકા હોય છે. ૧) જેને પાપ ગમતા નથી અને પોતાના જીવનમાં આચરતાં પણ નથી આવા જીવો પાપ બાંધતા નથી-ફક્ત ધર્મમય બને છે. આવાને **સર્વ આરાધક** કહેવાય.

૨) જેને પાપ ગમતા નથી પરંતુ પાપ આચરે છે તે જીવો પાપ નહિ ગમવાના કારણે લગભગ પાપ બાંધતા નથી પરંતુ પાપની પ્રવૃત્તિના કારણે અલ્પ પાપ બાંધે છે તેને **દેશવિરાધક** કહેવાય.

૩) જેને પાપ ગમે છે પણ પાપ આચરતો નથી. તેને પાપનો પક્ષ-રુચિ હોવાથી લગભગ બધું જ પાપ લાગે છે ફક્ત આચરણ નથી કરતો એટલું પુણ્ય બાંધે છે માટે એને **દેશ આરાધક અને બહુલ વિરાધક** કહેવાય. ૪) જેને પાપ ગમે પણ છે અને કાયાથી ઓછાવત્તા પાપ આચરે પણ છે તે **સર્વ વિરાધક** છે.

આ ચાર પ્રકારના જીવોમાંથી જેને પાપ ન ગમે તેને પાપ સહેલાઈથી છૂટે છે અને પાપ ન છૂટે ત્યારે પણ પશ્ચાત્તાપ હોવાથી, પાપની અનુમોદના-પ્રશંસા ન હોવાથી પાપની ઉગ્રતા-પ્રબળતા થતી નથી-માટે અહીં બુજ્ઝ શબ્દ પ્રયોગ છે તેથી બોધ પામ અર્થાત્ પાપને ગમાડવા, તેના ઉપર રુચિ કરવાની છોડી દે. અને પાપને ન આચર એમ બતાવ્યું.

**પાપને ગમાડવાનું છોડે તે ધીમે ધીમે પાપ આચરવાનું પણ સહેલાઈથી છોડી શકે. જે પાપ ગમાડવાનું ન છોડે તે પાપ આચરવાનું છોડે તો પણ પાપની રુચિ એને ફરી પાપ તરફ ખેંચી જાય. માટે પાપ છોડીને એના ફળરૂપે પાપ ગમાડવાનું અવશ્ય છોડવું પડે જ. પાપમાં મોહ, રસ, મમતા એ પાપ ગમવાનું ચિન્હ છે.**

પાપમાં મુંઝાય એ પાપ ભાવથી ન છોડી શકે અને વ્યવહારથી પણ બહુધા એ ન છોડી શકે-કદાચ કોઈ વ્યવહારથી છોડે તો પણ મોટા ભાગે એ છોડેલ પાપ પુનઃ જીવનમાં-મનમાં-પ્રવૃત્તિમાં આવે છે કેમ કે મનમાં એ બેઠેલ છે.

વૈરાગ્યપણું એ બોધપણું છે, પાપવર્જન લાગણીરૂપ છે, પાપના પક્ષપાતથી રહિત બનાવે છે, પાપ જુગુપ્સારૂપ છે. એથી વૈરાગ્યથી પાપની રુચિ ઘટે છે, અરુચિ જાગે છે, વધે છે અને શક્ય પાપો જીવનમાંથી છૂટે છે અને કાલાંતરે જીવનમાંથી સર્વ પાપો જાય છે.

ટૂંકમાં જે પાપનો પક્ષપાત છોડે પાપસ્થાન ઉપર અરુચિ કેળવે એના જીવનમાં શરુઆતમાં શક્ય પાપો છૂટે અને પછી ધીરે ધીરે અશક્ય પાપો છોડવાના જીવમાં ધૈર્ય-સત્ત્વ-ઉત્સાહ-પુરુષાર્થ આવે અને સર્વપાપ જીવ છોડી દે-આ વૈરાગ્યભાવનું ફળ છે.

વૈરાગ્ય એ આત્માને દ્રવ્યપાપ અને ભાવપાપને ઓળખાવવા સમર્થ છે. વૈરાગ્ય એ જ્ઞાનાવરણ અને મોહનીય કર્મના નાશનું અમોઘ શસ્ત્ર છે. અને એથી વૈરાગ્ય સર્વકર્મ નાશનું ક્રમશ કારણ બને છે.

મુંઝાવાનું છોડવું અને બોધ પામવો એ વૈરાગ્ય આધીન છે. પ્રભુ મહાવીરના **'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા'** આ જ શબ્દોના કારણે ચંડકૌશિકને જાતિસ્મરણ-જ્ઞાનથી કષાયના પક્કડની મુંઝવણ નાશ પામી, તત્ત્વબોધ-સન્માર્ગ વૈરાગ્યયુક્ત બોધ પ્રગટ થયો. તો એનું કામ થઈ ગયું. તેથી પરલોકમાં મોટા દુઃખોના શિકાર ન થવું હોય તો **પ્રમાદ છોડી-જાગૃત બનવા** માટે પ્રયત્ન કરવો.

बुज्झसु रे जीव ! तुमं, मा मुज्झसु जिणमयंमि नाऊणं ।
जम्हा पुणरवि एसा, सामग्गी जुल्हा जीव ! ॥९२॥

**ગાથાર્થ-હે જીવ ! બોધ પામ, જિનમતને જાણીને તું મોહ ન પામ. કારણ કે હે જીવ ! આ સામગ્રી ફરી મળવી દુર્લભ છે. ॥૯૨॥**

*92. O Living being, Give up indolence. Know the teachings of the Jinas And attain true insight, For the opportunity to do so Is rare indeed.*

આંધળો માણસ ખાડામાં પડે તો સહાનુભૂતિને પાત્ર બને છે. અજ્ઞાની માણસ ભૂલ કરે તો ક્ષમાપાત્ર બને છે. પણ જ્ઞાની વ્યક્તિ ક્ષતિ કરે તો ? ન સહાનુભૂતિ કે ન ક્ષમા, માત્ર સજાને પાત્ર બને છે.

એટલા માટે અહીં કહ્યું શ્રી જિનમત જાણ્યા પછી હે જીવ ! તું બોધ પામ, સાવધ થા, મુંઝાતો નહિ.

**બોધ પામવો એટલે લાભ અને નુકસાનકારી વસ્તુ-વ્યક્તિ અને પ્રવૃત્તિઓ તથા વાણી-વિચાર અને વર્તન જાણવા અને નુકસાનકારી તરફનું મમત્વનું વલણ એના નુકસાનકારિત્વના કારણે જીવમાં ઘટે અને નફરત આવે, ઉદાસીનતા-ઉપેક્ષા આવે તે સમ્યગ્બોધ છે.** (ક્રમશઃ)

# જેલર

લેખક : પરમ પૂજ્ય આચાર્યશ્રી અભયશેખરસૂરિજી મહારાજ સાહેબ

એટલે ભયંકર ત્રાસ, વારંવાર ત્રાસ અને એ પણ વર્ષોના વર્ષો વીતવા છતાં લંબાયા જ કરે, ક્યાંય છેડો જણાતો ન હોય, તો પણ સહનશીલતા કેળવવી, અકળાવું નહીં, સમતા જાળવવી, આ એ ત્રાસનો અંત લાવવાનો શ્રેષ્ઠ ઉપાય છે. એના બદલે જેઓ ત્રાસને-દુઃખને રડ્યા કરે છે અને દુઃખ દેનારને ધિક્કાર્યા કરે છે તેઓને પછીના જન્મોમાં પણ ત્રાસ અને રડવાનું ચાલુ જ રહે છે. અનેક ખુલાસા, જાતજાતની સમજાવટ, છેવટે સામા કેટલાક કડક-કર્કશ પ્રતિકાર.. આવું બધું કરવા છતાં ત્રાસ આપનાર વ્યક્તિ અટકતી તો નથી, ઉપરથી ત્રાસ વધાર્યે જાય છે. માનસિક રીતે પણ સતત કનડ્યા કરે છે, તો પછી હવે તો જાતને આ ત્રાસ સહી લેવા માટે તૈયાર કરી જ દેવી જોઈએ. ત્રાસ વેઠવાનો જ છે તો સમતાપૂર્વક શા માટે ન વેઠવો ? જેથી ભવિષ્યમાં તો એનો અંત આવી જાય. આવા અવસરે સમતા ખૂબ જ મુશ્કેલ છે એ વાત જરૂર સાચી છે, છતાં સમતા અશક્ય તો નથી જ. અને મુશ્કેલ છે.. અતિમુશ્કેલ છે, માટે જ કુદરત ભવિષ્યમાં એના ભવ્ય ઈનામો આપે છે.

અતિકઠિન એવી પણ સમતાને જાળવી રાખવામાં સફળતા મળે એ માટે આવું પણ જરૂર વિચારી શકાય કે 'જીવડા ! આવી પરિસ્થિતિમાં સમતા જાળવવી એ જ તારા માટે મુખ્ય સાધના છે. માસ-ક્ષમણની ઘોર તપશ્ચર્યા કરનાર તપસ્વી જે કર્મનિર્જરા અને આત્મહિત સાધે એના કરતાં કૈંકગણી અધિક નિર્જરા તું આ સમતા જાળવવા દ્વારા સાધી શકે છે. કરોડોના દાન દેનાર દાતા જે પુણ્ય ઉપાર્જન કરે છે એના કરતાં પણ અઢળક પુણ્ય હે જીવ ! તું આ સમતા દ્વારા કમાઈ શકે છે. વળી, સમતા ન રાખે તો પણ ત્રાસ તો કાંઈ ઓછો થવાનો નથી. એ તો એવો ને એવો અકબંધ વેઠવાનો જ છે. તો પછી સમતા શા માટે ન રાખવી ?'

વળી આવા વિચારો પણ આર્તધ્યાન સંકલેશથી જીવને બચાવી શકે કે 'હે આત્મન્ ! રડવાથી, હાયવોય કર્યા કરવાથી, જેને તેને ફરિયાદ કર્યા કરવાથી, દુઃખ આપનારનું ભૂંડું ચિંતવ્યા કરવાથી, બદલો લેવાની ઈચ્છા કર્યા કરવાથી કે વેરની ગાંઠ બાંધવાથી દુઃખ કાંઈ ઓછું થવાનું નથી, થતું નથી. ઉપરથી ભવિષ્યમાં પણ સુદીર્ઘકાળ સુધી આના કરતાં પણ અધિક દુઃખ વેઠવાનું ઊભું થવાનું છે, કારણકે આમાં કર્મસત્તાની કોર્ટે કરેલી સજા સામે ફરિયાદ છે. ગર્ભિત રીતે સજાને અયોગ્ય માનવાનો અભિપ્રાય છે જેને કર્મસત્તા ક્યારેય માફ કરતી નથી. તે પણ એટલા માટે કે અનંતાનંત કાળ વીતી ગયો ને વીતશે.. ગુનેગાર છૂટી જાય ને બિનગુનેગાર ફસાઈ જાય આવી ગફલત કર્મસત્તા ક્યારેય કરતી નથી. પોતાની આ સર્વથા ક્ષતિરહિત કારવાહી પર કર્મસત્તા અત્યંત મગરૂર છે. ને તેથી પોતાની કાર્યવાહી પ્રત્યે કોઈ આંગળી ચીંધે તો કર્મસત્તા એને સાંખી શકતી નથી. જાણે કે છંછેડાઈ જાય છે. ને તેથી જાણે કે 'તું તારા અપરાધને જાણે નહીં ને તેથી મેં કરેલી સજાને મારી ભૂલ ઠેરવે છે ?' એમ કહીને જીવ પર વધારે તૂટી પડે છે.

માટે 'હે આત્મન્ ! રડવા વગેરેથી સર્યું. સમતા રાખવાનો પ્રયાસ કર. કસોટી જરૂર છે. પણ સમજણને અકબંધ રાખશે ને હિંમતને જાળવી રાખશે તો જરૂર એમાંથી પાર ઊતરી જઈશ. ને પાર ઊતરીશ તો તું કુદરતને પ્રિયપાત્ર બની જઈશ.'

કેટલાક અમને ફરિયાદના સૂરમાં પૂછતા હોય છે : 'મહારાજ સાહેબ ! અમે જિંદગીમાં એવું કોઈ પાપ કર્યું નથી. કોઈનું બૂરું કર્યું નથી કે બૂરું ઈચ્છ્યું પણ નથી. બની શકે તો ભલાઈના કામ કરીએ છીએ. ને છતાં અમારા જીવનમાં એટલું દુઃખ છે. ત્રાસી ગયા મહારાજ ! કાંઈ ને કાંઈ દુઃખ આવ્યા જ કરે છે. કોઈ આરો-ઓવારો દેખાતો નથી. સાહેબ ! કુદરતનો આ કેવો ન્યાય ? એવો કોઈ અપરાધ અમારા જીવનમાં છે નહીં, ને છતાં સજાનો પાર નહીં.'

શું સમજાવવું ? આ ભાગ્યશાળીઓને ! એક સરદારજી રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. વચ્ચે એક હોટલ આવી. એના પર બોર્ડ માર્યું હતું કે आईये ! हमारी होटल में मनपसंद भोजन लीजिये. बील आपसे नहीं लिया जायेगा. आपकी छट्ठी पीढि से हम वसुल कर लेंगे. સરદારજી તો વાંચીને ખુશ. अब अन्यत्र जाना ही क्यों ? यही होटल में खाऊंगा. પાછો વિચાર આવ્યો. छट्ठी पीढि किसने देखी है ? कौन हिसाब रखेगा और कौन वसुल करेगा ? हमें तो मुफ्त में ही खाना है और मुफ्त में ही खाना है, तो अकेला ही क्यों ? बीबी बच्चे सभी को ले आउं. આવ્યો ઘરે. બીબીને કહી દીધું. आज रसोई पकानी नहीं है, सभी को होटल में ले जाता हूं और आज नो कन्ट्रोल. जिसको जो खाना है, जितना खाना है, खाओ, मैं मना करनेवाला नहीं, क्योंकि पैसे देने ही नहीं है । બધા પહોંચ્યા. ઈચ્છા મુજબ પેટ ભરીને ખાધું. ઊઠ્યા એટલે સરદારજીના હાથમાં સીધું બે હજાર રૂપિયાનું બીલ પકડાવવામાં આવ્યું. સરદારજી તો ડઘાઈ જ ગયા. આઘાત અને આશ્ચર્યની લાગણી સાથે મેનેજર પાસે. 'आपने तो बोर्ड लगाया है कि बिल छट्ठी पीढि से वसुल कर लेंगे, फिर मुझे क्यों देते हो ?'

'यह आपने खाया इसका बिल नहीं, यह तो आप की पहले की छट्ठी पीढि खा गयी थी उसका बील है ।'

હા, આપણે યાદ રાખવું જોઈએ કે આ જનમમાં આપણે નિર્ધનતા, પરાભવ, અપમાન વગેરે જે કાંઈ સહી રહ્યા છીએ, એ ઘણું ખરું પૂર્વજન્મોમાં જે કરી આવ્યા છીએ એનું બીલ ચૂકવી રહ્યા છીએ. આ ભવમાં જે સારું કે નરસું કરી રહ્યા છીએ એનું શુભ કે અશુભ ફળ તો પ્રાયઃ આવતા જન્મોમાં મળશે. એટલે આ જનમમાં પાપ નથી કરતા, કોઈનું બૂરું નથી કરતા...ધન્યવાદ. આવતા ભવે સજા નહીં થાય.. પણ પૂર્વજન્મમાં અપરાધ કર્યા હોય તો એની સજા તો અહીં થાય ને ? પ્રભુ મહાવીર દેવે પણ એ ચરમભવમાં કયું પાપ કર્યું હતું ? કોનું બૂરું કર્યું હતું ? અરે ! ઉપરથી ભયંકર ઉપસર્ગ કરનારની પણ કરુણા ચિંતવી હતી. ને છતાં કેટલા ઉપસર્ગો વેઠવા પડ્યા ? શા માટે ?

(ક્રમશઃ)

# યોગસંગ્રહ વાચનાઓ : આલોચના - વાચના પ્રથમ

**વાચનાદાતા : પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
**રજુઆત : પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મહારાજ સાહેબ**

**(શ્રી શ્રમણસૂત્ર કે જેના સ્થાને શ્રાવકો વંદિત્તુ સૂત્ર બોલે છે, એ શ્રમણસૂત્રમાં 'બત્રિસાએ જોગસંગહેહિં' પદ છે. આ બત્રીશ યોગ સંગ્રહો પર શ્રી આવશ્યક નિર્યુક્તિ વગેરે ગ્રંથોમાં સંક્ષેપ નામ સહિત વિવરણ છે. આ યોગસંગ્રહો પર પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ વિવિધ સ્થળો પર આપેલી વાચનાઓ વિવિધ પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોએ નોંધી હતી. હવે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ પીરસેલા એ વિવિધ મુદ્દાઓ પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મહારાજ સાહેબની કલમે રજુઆત પામી રહ્યા છે... - તંત્રીશ્રી)**

**પ્રશ્ન : આ નિર્વિચારદશા તો ઊંચી યોગભૂમિકા ગણાય ને ?**

ઉત્તર : ના. કેવળજ્ઞાની જેવા વિચારશૂન્ય હોય.. એટલે સમજી લેવું કે વિચારણાશૂન્ય સ્થિતિ એટલે યોગશૂન્ય સ્થિતિ.

**પ્રશ્ન : સમુદાયમાં કોઈની ભૂલ દેખાય ને કહીએ તો એને ગમતું નથી. પછી સંકલેશ થાય છે.**

ઉત્તર : પહેલી વાત તો એ છે કે કોઈની ભૂલોમાં આપણને એની ભૂલ દેખાયા કરે ને એના દોષો જોતા જઈએ તો આપણામાં કોઈ દિવસ ગુણો આવશે નહીં. તેથી બીજાના દોષ-ભૂલ જોઈ એને સુધારવાના નામે સંકલેશ કરવો જરૂરી બને, તો પણ સામાન્યથી કહેવું ક્યારે સાર્થક થાય ? જ્યારે પેલાને પોતાની ભૂલ દેખાય, ત્યારે જ કહેલું-ઉપદેશ આપેલો સાર્થક થાય. જેમકે ભગવાન મહાવીર સ્વામી જ્યાં સુધી ચંડકૌશિક પોતાના ક્રોધમાં ધમધમતો હતો, ત્યાં સુધી મૌન રહ્યા. પછી જ્યારે શાંત થયેલા ચંડકૌશિકે પોતાની ભૂલ થઈ જોઈને ભગવાનની સામે જોયું...ત્યારે પ્રભુએ ઉપદેશ આપ્યો એને અસર કરી ગયો.

આલોચના પાપ કર્યા પછી હોય કે પહેલા પણ હોય ? પહેલા ખાસ જરૂરી છે. જે કાંઈ પ્રવૃત્તિ કરીએ તે વખતે જ સૌપ્રથમ વિચારી લેવું જોઈએ કે આ પ્રવૃત્તિ શિથિલાચાર પોષક છે કે પ્રભુની આજ્ઞાપૂર્વકની છે. દા.ત. વધારાની કામળીનું પડિલેહણ કરવામાં મન આળસ કરે છે. તો એ જ વિચારવું કે મારી ઉપધિ છે. તો મારે પડિલેહણ કરવું જ જોઈએ, ભલે હાલ જરૂર નથી. આવે વખતે મન સ્વાધ્યાય વ્યાઘાતનું કારણ બતાવે, તો તે કારણ જોવું નહીં, પણ પ્રભુની આજ્ઞા જોવી.

**પ્રશ્ન : મૌનની ધારણા કરી સ્વાધ્યાય કરતા હોઈએ, ને ગુરુ કોઈ કાર્ય ભળાવે તો મૌન સ્વાધ્યાય તૂટે છે. તો શું કરવું ?**

ઉત્તર : મૌન વગેરેની ધારણામાં મહત્તરાગારેણં વગેરે આગારો છે. એમાં મૌન તૂટવું વગેરે દોષ રહેતા નથી. પણ ગુરુએ બતાવેલું કાર્ય તરત નહીં કરીએ, તો ગુરુની લાગણી દુભાય. ગુરુની અવજ્ઞાનું પાપ પણ લાગે.

આલોચનાનો અર્થ છે કે પોતાની પ્રવૃત્તિઓનું સંશોધન કરવું, મારી કઈ પ્રવૃત્તિ દોષવર્ધક છે કે કઈ પ્રવૃત્તિ દોષનાશક છે. જેમકે નોટો વધારે વહોરી રાખી મૂકવી એ દોષ મોટો છે. એના બદલે જ્યારે જરૂર પડે ત્યારે મંગાવી લેવી એમાં ઓછો દોષ છે.

ગૃહસ્થના ઘરે ખોખા રાખવા એ દોષરૂપ છે. પણ જો એ મુક્યા હોય, તો વસ્તુની જરૂરત પડે ત્યારે એના ઘરે કાઢવા જવું એ મોટા દોષરૂપ છે, એના બદલે ખોખા ઉપાશ્રયમાં મંગાવવામાં ઓછો દોષ છે.

સમાધિ રહેતી ન હોય, તો પણ તપનો આગ્રહ રાખવો દોષરૂપ છે. સમાધિ રહે એ રીતે તપ કરવો એ ગુણકારક છે.

ઉપાશ્રયની આસપાસના નજીકના સાત ઘરમાં સ્વાધ્યાયાદિના લોભથી કે આળસથી ગોચરી જવામાં દોષ છે ને દૂર જવામાં સ્વાધ્યાય ઓછો થવા છતાં લાભ છે.

આમ જેમ દરેક મહાવ્રત સાથે વાડો મૂકેલી છે, એમ દરેક બાહ્ય વ્યવહાર સાથે પણ અમુક વાડો છે. આનો વિચાર કરવાથી દોષ-લાભનો બોધ થાય છે. આલોચના કરવાથી કેટલાક દોષો સર્વથા હટાવી શકાય છે, જેમકે નાની-નાની બાબતમાં સહન નહીં થવાથી આવતો ક્રોધ દુર કરી શકાય એમ વિચારીને કે ભેજવાળી દિવાસળી સળગતી નથી, એમ મારે પણ ક્ષમાથી એવા ભીના થવું છે કે જેથી નાની નાની બાબતમાં સળગવાનું થાય નહીં. જો મશ્કરી પર ધ્યાન આપીએ નહીં, તો કશો વાંધો આવતો નથી. ગાંડાની મશ્કરી કરે તો પણ તે એની મસ્તીમાં હોય છે. તેથી અસર થતી નથી.

આલોચના કરવાથી જ ક્ષમા માંગવાનું-ક્ષમાપના કરવાનું મન થાય છે. જો કે ક્ષમા માંગતા પહેલા એટલું વિચારી લેવું કે સામી વ્યક્તિ હજી આવેશમાં હોય, તો ક્ષમા માંગવા જવું નહીં. નહિતર કેમકે મરુભૂતિની જે હાલત થઈ, એવું થાય. એ જ રીતે જેના મનમાંથી વાત નીકળી ગઈ છે, એની પાસે પણ ક્ષમા માંગવા જવું નહીં, કેમકે તેથી ફરીથી પેલાને વાત યાદ આવે ને સંકલેશ થાય.

સાધુએ કો'ક કારણસર ગૃહસ્થ સાથે કલહ થયો હોય ને એની ક્ષમા માંગવા જવું હોય, તો સાથે દસ-બાર સશક્ત શ્રાવકોને લઈને જવું-જેથી કોઈ અપાય આવે નહીં.

આલોચના કરવાથી કેટલાક દોષો-ખામીઓમાં કો'ક સુધારો થઈ શકે છે, જેમકે ઉપવાસ+એકાસણાની શક્તિ ન હોવાથી સાવ નવકારશીમાં બેસી ગયેલો પણ પછી બેસણા કે પોરસી કરતો થઈ જાય.

અલબત્ત કેટલીક ખામીઓ શારીરિક હોવાથી સુધરી ન શકે જેમકે એકાસણા થતા નથી, બપોરે સુવું ન હોવા છતાં સુવુ પડે... ઈત્યાદિ...ત્યાં પણ આલોચનાના કારણે કોક સાપેક્ષભાવ ઊભો થઈ શકે છે. **(ક્રમશઃ)**

## જીવ તું સમજી જા

: લેખક :

**પૂજ્ય આચાર્યશ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

સંસાર અનાદિકાળથી ચાલ્યો જ આવે છે. જીવનો કર્મ સાથેનો બન્ધ એ જ મોટો સંસાર છે. કર્મબન્ધના કારણે જીવ અનાદિકાળથી ભાન ભૂલીને ચાર ગતિમાં ભટકી રહ્યો છે.

જીવ મોહવશ બન્યો એટલે રાગ-દ્વેષ અને કષાયોને અધીન થઈને ન કરવાના કામો કરતો આવ્યો છે અને એના કડવા ફળ ભોગવી રહ્યો છે.

જીવે અજ્ઞાન સાથે ગાઢ દોસ્તી કરી હોવાથી ઉપરની હકીકતોનું ભાન લગભગ આજ સુધી થયું નહીં. અજ્ઞાન અને મોહને ગાઢ દોસ્તી. મોહ જીવને બધુ ઊંધુ ઊંધુ જ સમજાવે અને અજ્ઞાન આવરણ બનીને સાચી વાત ઉપર પડદો પાડી રાખે એટલે જીવને મોહની પરાધીનતા ગમી ગઈ, સદી ગઈ એટલે જીવ મોહનો કહ્યાગરો બનીને રહ્યો. મોહ અને અજ્ઞાનને વશ થઈને જીવે પાર વગરના પાપાચાર, દુરાચાર, ભ્રષ્ટાચાર સેવવામાં પાછું વળીને જોયું નહિ.

મોહ અને અજ્ઞાનને વશ થયેલા જીવ ઉપર કર્મસત્તાએ કાળો કેર વર્તાવ્યો અને જીવે કરેલા પાપાચારોની ભયંકર કાતિલ કડવી સજાઓ ચારે ગતિમાં ફટકારી, તે જીવ બિચારો અજાણપણે પણ ભોગવતો જ આવ્યો છે. કજીયાવાળા કુટુંબમાં રહેવું પડે, રોજે રોજ ઝઘડા કરવા પડે, પાપો સેવીને પરિવારનું ભરણ પોષણ કરવું પડે, અનેક અપમાનો વેઠવા પડે, આપણું કહ્યું કોઈ માને જ નહિ, ક્યારેક માતા-પિતા, ભાઈઓ-બહેનો, પત્ની-પુત્રો બધા અનુકૂળ વર્તે ત્યારે બહુ વહાલા લાગે (જો કે અનુકૂળ વર્તે એવું તો મહા પુણ્યનો ઉદય હોય તો જ બને, બાકી તો) પ્રતિકૂળ વર્તે ત્યારે કડવા ઝેર જેવા અળખામણા લાગે.

એના પરિણામે મોટાભાગના લોકોને પોતાના ઘરમાં બને નહીં અને પારકા લોકો સાથે વધારે બને-એ વધારે સારા દેખાય (આ ય એક ભ્રમણા જ હોય છે) પછી જીવની દશા એવી થાય કે ન ઘરનો ન બહારનો.

આવો સંસાર એક કરુણ નાટક જ છે અને મોહ-અજ્ઞાન-કષાયો-કર્મસત્તા આ બધા ભેગા થઈને જીવ પાસે આવા નાટકો કરાવે છે. મોહના નશાના ઘેનમાં જીવ આ બધી ગેમને સમજી શકતો નથી, ભૂતકાળમાં જીવ આવા તો નાટકો અનંતવાર ખેલી ચુક્યો છે. કુટુંબ પરિવાર, ભાઈ-બહેન, પતિ-પત્ની, પિતા-પુત્ર આવા બધા સંબંધોના પાત્રો સર્વ જીવો સાથે આપણો જીવ અનંતવાર ભજવીને હજુ ભિખારી જ રહ્યો છે.

હજુ પણ જીવ જો આ કર્મસત્તા, મોહ, કષાયો-ઈન્દ્રિયો-અજ્ઞાન આ બધાનું ખેલાતું પોલિટિક્સ (રાજ રમત) બરાબર ઓળખી લે અને એમાંથી કઈ રીતે હવે છૂટાય તે માટે વિચાર કરતો થાય તો તેના જીવનમાં સોનાનો સૂરજ ઊગે-પણ વો દિન કહાં ?

જ્યારે મનની ધારણાઓ ઊંધી પડે ત્યારે જ્યારે સગા-સંબંધીઓ અવળા ચાલે અને ટોણા-મેણા મારીને અપમાન કરે ત્યારે તો સૌને સંસાર અસાર લાગે, પણ પુણ્યોદયથી જો બધુ સીધું ચાલે તો સંસાર વહાલો લાગે, આવું ક્યાં સુધી ચાલશે ? જ્યાં સુધી જીવ પસંદ-નાપસંદ, ગમો-અણગમો, ભાવતું-નભાવતું, પ્રિય-અપ્રિય, માનીતું-અણમાનીતું આવા બધા દ્વન્દ્વોમાં જકડાઈને રહેશે ત્યાં સુધી ચાલ્યા કરશે. જ્યારે આ બધી ભ્રમજાળ, માયાજાળ, પ્રપંચબાજીથી ઉપર ઊઠશે અને પોતાના આત્માના કલ્યાણનો વિચાર કરશે તો સમતાભાવ પ્રગટ થવાથી, બધુ સહી લેવાની શક્તિનો વિકાસ થવાથી, કર્મોની સામે લડી લેવાનું શૌર્ય પ્રગટ થવાથી, રાગ-દ્વેષ-મોહને વશ નહીં થવાની ટેક સેવ્યા પછી શાન્તિ અને સમાધિ દૂર નહીં રહે, આપણને બધા સમાધાન મળી જશે.

ખરેખર તો ત્યાગ-વૈરાગ્ય અને તપ એ જ મનુષ્ય જીવનનો સાર છે. જ્યાં સુધી જીવ સંસારમાંથી છૂટી નથી શક્યો ત્યાં સુધી એણે સંસારમાં ઉદાસીન ભાવે રહેવું જોઈએ. બીજાઓને એમ લાગે કે હવે આ જીવ વૈરાગી થઈ ગયો છે, મોહ-માયા છૂટવા માંડી છે. બીજી બાજુ આપણે મોહ માયાથી દૂર રહીને પણ બધાની સાથે, ખાસ કરીને ભાઈ-બહેન, પત્ની-પુત્ર, પરિવાર, માતા-પિતા સાથે કોઈ રીતે બગડે નહીં, એમની સાથે જીભા-જોડીમાં ઉતરવું નહીં, આપણા માટે કોઈ ઘસાતું બોલે કે ટોણા મારે તો તેઓ માટે પણ હૃદયમાં અત્યંત કરુણા અને ભાવદયા ચિંતવવી કે અહો, હું કેવો કમભાગી કે આ બધાને મારા નિમિત્તે પાપો બંધાઈ રહ્યા છે અને હું તે રોકી શકતો નથી, આ બધાને ખુબ ખુબ સદ્બુદ્ધિ મળો એવી ભગવાનને પ્રાર્થના કરવી. લેટ ગો કરતાં શીખી જવું. આજ સુધી તિર્યંચ-નરકના ભવોમાં ક્યાં ઓછું સહન કર્યું છે ? તો હવે જીવ થોડું વધારે સહન કરી લે...પણ હવે તું આ નવા કર્મબંધનોમાં ફસાઈશ નહીં. આ રીતે આપણા જીવનમાં પરિવર્તન લાવવાથી ઘણી જ શાન્તિ અને સમાધિ મેળવી શકાય છે. ઈતિ.

## આજની વાત

**પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરિજી મહારાજ સાહેબ**

(‘ઉત્તમ દૃષ્ટિનું કાર્ય’ વિષયક તત્ત્વોન્મેષક લેખનો સારાંશ.
સ્થળ : શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન તીર્થ, ધોળકા.)

પ્રભુના શાસનમાં ઉત્તમ પુરુષો હરહંમેશ વિચરતા જ હોય છે. પણ જીવમાં જ્યારે સ્વયં ઉત્તમતાની યોગ્યતા પ્રગટે છે ત્યારે જ ઉત્તમપુરુષો પ્રત્યે ‘ઉત્તમતાની દૃષ્ટિ’ ખૂલે છે.

શાસ્ત્રોમાં આ વાત ‘યોગાવંચક’ શબ્દથી જણાવી છે. ‘तथादर्शनतो योगो योगावञ्चक उच्यते’ ઉત્તમપુરુષોમાં જે પ્રકારે ઉત્તમતા છે, તે જ પ્રકારે તેઓની ઉત્તમતાને પીછાણવી તે ‘યોગાવંચક’ કહેવાય છે.

આ ઉત્તમ છે, તે પ્રકારે જાણવું. દર્શન કરવા તે દર્શન માત્રથી ‘સ્વયં ઉત્તમ બને’ તેવા ગુણો પ્રગટે છે. તેવું પુણ્ય પ્રાપ્ત થાય છે. તેવા ઉત્તમપુરુષોનો સંપર્ક થતો રહે છે, અને તેમના પ્રત્યે સમર્પણભાવ પણ ઉત્પન્ન થાય છે.

ઉત્તમપુરુષો પ્રત્યેના સમર્પણથી જીવમાં ઉત્તમતા આવે છે. ગુણોની વૃદ્ધિ થાય છે. બાહ્યશક્તિ અને આધ્યાત્મિક સત્ત્વ; બન્નેયનો વિકાસ થાય છે. યાવત્ જીવ મોક્ષપદને પામે છે.

ઉત્તમપુરુષો પ્રત્યેની અવજ્ઞા, તિરસ્કાર, અનાદર વગેરેથી આત્માના ગુણો, ઉત્તમતા આવરાય છે. ડગલે-પગલે વિઘ્ન આવે તેવા અંતરાયો બંધાય છે. સંસારમાં ભટકે છે.

આવી ઉત્તમતાને પહેચાની શક્તિ દૃષ્ટિ-ઉત્તમતા દૃષ્ટિ ચરમ પુદ્ગલાવર્ત સિવાય આવતી નથી. ઉત્તમપુરુષો સાથે ઉત્તમતા દૃષ્ટિ પૂર્વકનો યોગ=યોગાવંચકતા ચરમ પુદ્ગલાવર્તમાં આવે છે. આ દૃષ્ટિ જ ઉત્તમપુરુષોની પ્રાપ્તિ પણ કરાવે છે. ગુણો, પુણ્યની વૃદ્ધિ સાથે મોક્ષ સુધી પહોંચાડે છે.

માટે, ઉત્તમપુરુષોની, ઉત્તમગુણોની અવજ્ઞા, અરુચિ ન થાય તેની ખાસ કાળજી રાખવી. કારણ કે ગુણ અને ગુણી પ્રત્યેની અવજ્ઞા સંસારભ્રમણનું પ્રધાન કારણ છે. અને સંસારથી પાર પામવાનું મુખ્યકારણ ઉત્તમતાની દૃષ્ટિ છે. માટે આ સતત ખ્યાલમાં રાખવું.

ઉત્તમતાની દૃષ્ટિ એ અપુનર્બંધક અને સમ્યક્ત્વનું અભ્યન્તર સ્વરૂપ છે. કર્મો સહજ રીતે આ દૃષ્ટિથી તૂટી જાય છે. નિકાચિત કર્મો પણ આ દૃષ્ટિથી સહેલાઈથી નાશ પામે છે. પાપની ઉગ્રતાય જાય છે. પાપનો અનુબંધ પણ તૂટે છે. આ દૃષ્ટિ ગુણની પ્રકૃષ્ટતાનું ઉત્તમ સાધન છે. ઉત્તમતાની દૃષ્ટિ નિશ્ચય ધર્મની ભૂમિકા સ્વરૂપ છે અને વ્યવહાર ધર્મની પોષક છે. સર્વ શુભની યોગક્ષેમની કારક છે. ‘ગુણાનુરાગિતા’ આ જ દૃષ્ટિનું બીજું નામ છે, રૂપ છે.

માટે સદાને માટે ઉત્તમપુરુષો પ્રત્યે ઉત્તમતાની દૃષ્ટિ કેળવો એ જ...

...સંકલન...

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

## પરમ પૂજ્ય આચાર્યશ્રી રત્નસુંદર સૂરીશ્વરજી મહારાજ સાહેબના ૩૦૦ મા પુસ્તકનું વિમોચન તારીખ ૧૦-૧-૨૦૧૬ ના સવારે દિલ્લી ખાતેથી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વિડીયો કોન્ફરન્સિંગ મારફત કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ આ પ્રસંગે દિલ્હીથી કરેલ યાદગાર ઉદ્‌બોધન.

वहां उपस्थित सभी आचार्य भगवंत, सभी साधु-साध्वी महाराज साहिब, सभी श्रावकजन.....

कुछ समय पहले मैंने कोशिश की थी कि मेरी बात आप तक पहुंचे । लेकिन शायद टेकनोलोजी की कुछ सीमाएं होती हैं । बीच में व्यवधान आ गया और जैसे दूरदर्शन वाले कहते हैं, मैं भी कहता हूं रूकावट के लिए खेद है । मैं जब पुस्तकों का लोकार्पण कर रहा था तब तक तो शायद आप मुझे देख पा रहे थे । सबसे पहले मुझे आप सबसे क्षमा मांगनी हैं, क्योंकि मैं वहां स्वयं उपस्थित नहीं रह पाया, लेकिन यह मेरे लिए बहुत सौभाग्य का विषय होता कि सभी आचार्य भगवंतो के चरणों में बैठने का मुझे आज संभव हुआ होता । लेकिन कभी-कभार समय की ऐसी सीमाएं रहती हैं । कुछ जिम्मेदारियां भी ऐसी रहती हैं कि कुछ कामों को अत्यंत महत्त्वपूर्ण होने के बावजूद भी करने का सौभाग्य प्राप्त नहीं होता । मैं भले भौगोलिक दृष्टि से आप सबसे काफी दूर बैठा हूं । लेकिन हृदय से मैं पूरी तरह आपके साथ हूं और आचार्य भगवंत के चरणों में हूं ।

आज मुझे यह ३०० वें ग्रंथ के लोकार्पण का अवसर मिला । लेकिन कहीं पर लिखा गया है यह साहित्य की रचनाएं हैं । मेरा उस में थोडा मतभेद हैं, यह साहित्य की रचनाएं नहीं हैं । एक संत का अभी यह तपस्या, आत्मानुभूति, दिव्यता का साक्षात्कार और उस पर से गंगा की तरह पवित्र जो मनोभाव है, उसे शब्द-देह मिला हुआ हैं । और इसलिए एक प्रकार से यह वो रचना नहीं है, जो साहित्यकारों की तपस्या का परिणाम होती है, एक यह वाणी का संपुट है, जिसमें समाज के साक्षात्कार से निकली हुई पीडा का, संभावनाओं का और समाज जीवन को कुछ देने की अदम्य इच्छा शक्ति का यह परिणाम हैं ।

५० साल मुनि की तरह एक अविरत भ्रमण और सामान्य रूप से पूज्य महाराज साहब को सुनने के लिए हजारों लोगों की भीड लगी रहती हैं । उनके एक-एक शब्द को सुनने के लिए हम जैसे सभी लोग ललायित रहते हैं । लेकिन यह भी विशेषता है कि वे एक उत्तम श्रोता भी हैं । श्रावकों के साथ बात करना, यात्रा के दरमियान छोटे-छोटे लोगों से बातें सुनना, एक प्रकार से पूरे हिंदुस्तान के जीवन को अपनी इस यात्रा के दरमियान अपने भीतर समा लेने का उन्होंने एक अविरत प्रयास किया हैं । और उसी का परिणाम हैं कि उत्तम एक दिव्यता का अंश हम सबको प्राप्त हुआ हैं ।

सामान्य रूप से संतों महंतों के लिए, आचार्य भगवंतो के लिए धार्मिक परंपराओं की बातें करना, ईश्वर के साक्षात्कार की बातें करना वक्त समूह को अच्छा लगता है, लेकिन पूज्य महाराज साहब ने इससे हट करके सिर्फ अपने श्रावकों को पसंद आ जाए, अपने भक्तजनों को पसंद आ जाए उसी बातों को कहने की बजाय, उन्होंने समाज की जो कमियां हैं, व्यक्ति के जीवन के जो दोष हैं, पारिवारिक जीवन के सामने जो खरे हैं, उसके खिलाफ आक्रोश व्यक्त करते रहे हैं । कभी-कभी उनकी वाणी में चांदनी की शीतलता अनुभव होती हैं । तो कभी-कभी तेजाब का भी अनुभव होता हैं । उनके शब्दों की ताकत, कभी हमें दुविधापूर्ण मन हो, निराशा छाई हुई हो तो एक शीतलता का अनुभव कराती हैं, लेकिन कभी-कभी समाज में ऐसी घटनाएं हो जाती हैं, एक संत का मन विचलित हो जाता हैं । आक्रोश में उठता हैं, भीतर ज्वाला धधकती हैं और वाणी के रूप में वो बहने लगती हैं और समाज को जगाने के लिए वो अपने आप को आंदोलत कर देते हैं । यह मैंने अनुभव किया है, और इसलिए जितनी उन्होंने साम्प्रदायिक परंपराओ की सेवा की है, उससे ज्यादा समाज में सुधार की अनुभूति कराई है । और उससे भी ज्यादा उन्हों ने समाज को इस बात के लिए प्रेरित किया कि हर धर्म से ऊपर अगर कोई धर्म है तो वो राष्ट्र धर्म हैं । वे लगातार हैं राष्ट्र धर्म जगाना, राष्ट्र की भावना जगाना यह करते रहे हैं । और कभी भी उनके प्रति आस्था में कमी नहीं आई हैं । हम गर्व के साथ कह सकते हैं हिंदुस्तान के पास ऐसी महान परंपरा है, ऐसे महान संत-मुनि हैं, ऋषि-मुनि हैं जिन्होंने अपनी तपस्या, अपने ज्ञान का उपयोग राष्ट्र के भाग्य को बदलने के लिए, राष्ट्र का भावी निर्माण करने के लिए अपने आप को खपाया है ।

हम वो लोग हैं, जिनको शायद दुनिया जिस रूप में समझना चाहिए अभी तक समझ नहीं पाई हैं । भारत एक ऐसा देश है जिसने विश्व को किसी साम्प्रदायिक में बांधने का प्रयास नहीं किया हैं । भारतने विश्व को न साम्प्रदाय दिया हैं, न साम्प्रदायिकता दी है । हमारे ऋषियों ने, मुनियों ने, परंपराओं ने विश्व को साम्प्रदायिकता नहीं, अध्यात्मिकता दी हैं । कभी-कभी साम्प्रदाय समस्याओं का सृजक बन जाता हैं, आध्यात्म समस्याओं का समाधान बन जाता है । हमारे पूर्व राष्ट्रपति ए. पी. जे. अब्दुल कलाम हंमेशा कहते थे कि समस्याओं का समाधान करने के लिए मानवजात का अध्यात्मिकरण होना चाहिए, Spiritualism होना चाहिए । जो राष्ट्र धर्म के आलेख पूज्य महाराज साहब ने अविरत रूप से जगाई है, वो आलेख उस बात से परिचित कराती हैं ।

३०० ग्रंथ यह छोटी बात नहीं है । अनेक विषय व्यक्ति से ले करके परिवार, परिवार से ले करके समाज, समाज से ले करके राज्य, राज्य से ले करके राष्ट्र, राष्ट्र से ले करके पूरी समष्टि, पूरा ब्रह्माण कोई विषय ऐसा नहीं है, जिस पर महाराज साहब ने अपने विचार न रखें हों । उन्होंने लिखना प्रारंभ किया, तब से ले करके आज देखें तो लगता है शायद महीने में...हर महीने शायद उनकी एक किताब निकली है, तब जा करके आज ३०० किताबें हुई हैं । यह बहुत बडा समाज को तोहफा हैं ।

समाज में सामान्य रूप से साहित्य की रचनाएं जो होती है, वो समाज को जानने-समझने के लिए, समस्याओं को जानने-समझाने के लिए काम आती हैं । लेकिन महाराज साहब ने हमें जो दिया हैं, वो हमें जीने का तरीका भी सिखाया हैं, परिवार में संकट हो तो महाराज साहब की किताब हाथ लग गई हो, तो परिवार को संकट से बाहर निकालने का रास्ता परिवार के लोग निकालने लगते हैं । बेटा घर में कुछ गलत रास्ते पर चलने लगा हो, मां-बाप के लिए कुछ अलग ढंग से सोचने लगा हो और कहीं महाराज साहब का एक वाक्य पढने को मिल गया तो उसने अपने जीवन की राह बदल दी हो और फिर से मां-बाप के पास जाकर समर्पित हो गया हो । बहुत सारा धन कमाया हो, लेकिन महाराज साहब की एक बात सुनी हो तो उसका मन बदल जाता है और उसको लगता है मैं अब आगे अपना धन समाज सेवा में समर्पित करूंगा । कोई न कोई समाज सेवा का काम करूंगा, किसी दुखियारे की मदद करने का प्रयास करूंगा । यह एक प्रकार से समाजिक क्रांति का प्रयास है और यह प्रयास आने वाले दिनों में हम सबको प्रेरणा देता रहेगा ।

मैं आज आचार्य भगवंत, रत्नसुंदरसूरीश्वरजी महाराज साहब के चरणों में प्रणाम करता हूं । जिन गुरूजनों के साथ बैठ करके एक सच्चे शिष्य के रूप में अपने जीवन को उन्होंने ढाला, वे उत्तम गुरू-शिष्य परंपरा का भी उदाहरण है । अब खुद गुरू पद पर बैठने के बाद उत्तम शिष्य परंपरा को आगे बढाने का काम करके उन्होंने वो भी अपनी भूमिका निभाई है । मेरा सौभाग्य रहा है उनके आशीर्वाद प्राप्त करने का, उनके विचारों को सुनने का, उनके सुझावों को समझने का आज मेरा सौभाग्य है कि उनके यह ३०० वें ग्रंथ के लोकार्पण का मुझे अवसर मिला है और यह भी भारत भक्ति का ही उनका एक प्रयास है ।

मां भारती के लिए हम कैसे कुछ करें । हमारा देश गरीबी से मुक्त कैसे हो, सवा सौ करोड देशवासी स्वच्छ भारत के सपने को कैसे पूर्ण करें । ३५ साल से कम उम्र के करोडों-करोडों लोग, ऐसे हमारे नौजवान भारत के भाग्य को बदलने के लिए बहुत बडी शक्ति कैसे बनें । इस सपनों को साकार करने के लिए हम सब मिल करके एक अविरत प्रयास करते रहें ।

मैं आज के इस शुभ अवसर पर, इस भव्य आयोजन के लिए समिति को बधाई देता हूं, पूज्य महाराज साहब को प्रणाम करता हूं और भगवान महावीर के चरणों में प्रार्थना करता हूं कि ऐसे आचार्य भगवंतो को ऐसी आचार्य शक्ति दें, ऐसी दिव्यता दें कि आने वाली सदियों तक मानवजाति के कल्याण के लिए उनका रास्ता हमें काम आए । मैं फिर एक बार आप सबको प्रणाम करता हूं, पूज्य महाराज साहब को प्रणाम करता हूं । बहुत-बहुत धन्यवाद ।

## જિનશાસનનાં ઈતિહાસની સુવર્ણ ક્ષણ એટલે જ સરસ્વતી લબ્ધપ્રસાદ, પૂજ્યપાદ આચાર્ય ભગવંત, **શ્રીમદ્વિજય રત્નસુંદરસૂરિજી મહારાજ સાહેબ** દ્વારા લિખિત ૩૦૦ મું પુસ્તક 'મારું ભારત, સારું ભારત' નો વિમોચન પ્રસંગ

### તા. ૧-૧-૨૦૧૬ થી ૧૦-૧-૨૦૧૬ સુધી મુંબઈ મહાનગર ખાતે સાહિત્ય સત્કાર સમારોહ

લાખો જૈનોમાં જિનશાસન પ્રત્યે અહોભાવ વધારનારો અવસર, લાખો અજૈનોનાં મનમાં જિનશાસનનાં આચાર્ય પ્રત્યે સદ્‌ભાવ વધારનારો અવસર, જન-જનના મનમાં સમ્યક્ દર્શનનાં બીજારોપણની ભૂમિકા બનનારો અવસર એટલે જ 'સાહિત્ય સત્કાર સમારોહ.'

'आचार्याः जिनशासनो न्‍नतिकराः' આચાર્ય ભગવંતો સદા જિનશાસનની ઉન્નતિ માટે, જિનશાસનની રક્ષા કાજે, જિનશાસનની ધજાપતાકા વિશ્વમાં લહેરાવવા માટે પ્રયત્નશીલ રહેતા હોય છે. કોઈક પોતાની સાધના દ્વારા તો કોઈક લાખો લોકોને ધર્મ સાથે જોડનારી શાસનપ્રભાવના દ્વારા... આવીજ પ્રવચન અને પુસ્તકલેખનની સાધના દ્વારા અદ્‌ભુત શાસનપ્રભાવના, શાસનરક્ષા કરનારાં, જિનશાસનનાં અણમોલ રત્ન છે પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**...જે વર્ષોથી સંયમીઓ માટે અને સંસારીઓ માટે નિતનવા સમ્યક્ અને પ્રેરક સાહિત્યનું સર્જન કરતાં રહ્યા છે. વર્ધમાન તપોનિધિ, પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની અનરાધાર કૃપા, પરમ પૂજ્ય વર્તમાન ગચ્છાધિપતિ **શ્રીમદ્વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજ સાહેબ**નાં શુભાશીર્વાદથી આચાર્ય ભગવંત ૩૦૦ પુસ્તકનાં સર્જનની સિદ્ધિને વર્યા ત્યારે એમનાં શાસનપ્રેમ, પ્રભુવચનપ્રેમ પ્રત્યે કૃતજ્ઞતાની અભિવ્યક્તિ કરવા 'સાહિત્ય સત્કાર સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું અને અત્યંત આનંદની વાત છે કે આ સમારોહ જૈન-અજૈન લાખો લોકોનાં હૃદયમાં જિનશાસન પ્રત્યેનાં અહોભાવની સ્થાપના કરનારો બની રહ્યો.

૧ જાન્યુઆરી માગસર વદ ૭ થી ૧૦ જાન્યુઆરી પોષ સુદ ૧ સુધી ૧૦ દિવસીય આ કાર્યક્રમનું આયોજન મુંબઈ-સાયન ખાતે સોમૈયા ગ્રાઉન્ડ પર કરવામાં આવ્યું હતું. આ મહોત્સવનાં મુખ્ય આકર્ષણ હતાં ૪૦૦ ફૂટ લાંબુ અને ૬૦ ફૂટ ઊંચુ રજવાડી પરંપરાની પ્રતીતિ કરાવતું ભવ્યાતિભવ્ય પ્રવેશદ્વાર. જે દૂરથી જ લોકોને મહોત્સવમાં પધારવા આમંત્રણ આપતું હતું. પ્રવેશ કરતાં જ ડાબી બાજુ હતો સ્વર્ગલોકની અનુભૂતિ કરાવતો વિશાળ સ્વાગત કક્ષ...એની બાજુમાં હજારો લોકો પૂજ્યશ્રીની લાગણી નીતરતી જિનવાણીનું શ્રવણ કરી શકે એવો અતિવિશાળ, રાજમહેલ જેવો પ્રવચનમંડપ, એક તરફ હતો ઉપલબ્ધિ કક્ષ જેમાં આચાર્ય ભગવંતની ઊપલબ્ધિઓનું અત્યંત આકર્ષક પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સાથે જે મા સરસ્વતીની કૃપાથી આચાર્ય ભગવંતે ૩૦૦ પુસ્તકોનું સર્જન કર્યુ એ માં શારદેનું સરસ્વતી મંદિર, ૪૦ ફૂટ ઊંચી માતા સરસ્વતીની નયનાભિરામ પ્રતિકૃતિ. તો પૂજ્યશ્રીના ૩૦૦ પુસ્તકોનાં એક સાથે દર્શન કરાવતું કમલમંદિર... આ એક વિભાગ પછી પાછળ નિર્મિત કરવામાં આવેલ બીજા વિભાગનું આકર્ષણ હતું સાક્ષાત્ શંખેશ્વર તીર્થની અનુભૂતિ કરાવનારું શંખેશ્વરનું ભવ્ય જિનાલય જેમાં એક એકથી ચઢિયાતી અને આકર્ષક પ્રભુ પ્રતિમાઓ દર્શનાર્થે રાખવામાં આવી હતી. શંખેશ્વર તીર્થને ફરતે આધુનિકતાને અધ્યાત્મ સાથે જોડનારાં ૪ ઝોન બનાવવામાં આવ્યા હતા એમાં પ્રથમ ઝોન હતો ફ્લાય ઝોન. સાહિત્ય યાત્રા જેમાં એક સ્માર્ટ સીટી બનાવવામાં આવી હતી. આ સ્માર્ટ સીટીમાં શિક્ષણને લગતાં પૂજ્યશ્રીના પુસ્તકો સ્કૂલમાં, પ્રભુભક્તિને લગતાં પુસ્તકો દેરાસરમાં, આંતરિક દોષોને લગતાં પુસ્તકો હોસ્પિટલમાં, પરિવારને લગતાં પુસ્તકો ઘરમાં એમ વિષયાનુસાર અલગ-અલગ વિભાગમાં ૩૦૦ પુસ્તકોનું સુંદર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જે સાથે સાથે એક આદર્શ પરિવાર, પ્રભુભક્તિ આંતરિક દોષોનાં નિકાલનો અદ્‌ભુત સંદેશ પણ આપતાં હતા.

એને અડીને હતુ 'ભુવનભાનુસૂરિ માનસ કલ્પના' ઝોન. જેમાં પૂજ્ય **ભુવનભાનુસૂરિજી**એ જિનશાસનની પ્રભાવનાર્થે જોયેલાં સ્વપ્નને ચરિતાર્થ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તે પછી હતું 'Flame Zone' પરિવર્તન યાત્રા. જેમાં Lights & Sound Effect થી પૂજ્યશ્રીના પુસ્તકો અને પ્રવચનથી આવેલા અલગ-અલગ ૮ જીવન પરિવર્તનોને દર્શાવવામાં આવ્યા હતા. જે રીતે Avoid Addiction, Suicide is not safe side, Divorce is Dangerous. Anger is dange, Get aware girls, Pay packages pack you વગેરે સળગતી સમસ્યાઓનાં સુંદર સમાધાનો આપ્યા હતાં. જે જોઈને લાખો લોકોએ જીવન પરિવર્તનની પ્રેરણા પામી હતી. ત્યારપછી બનાવવામાં આવ્યું હતું Film Zone જેમાં આચાર્ય ભગવંતના જીવન ઉપર ૨૦ મિનિટની એક Film "Making of Saraswati Putra" બતાડવામાં આવી જેને જોઈને લાખો યુવાઓને પ્રેરણા મળી કે એક પોસ્ટકાર્ડ લખવામાં પણ મૂંઝવણ અનુભવતો સાધુ ગુરુ પ્રત્યેનાં સમર્પણભાવ અને ગુરુકૃપાનાં બળે કઈ રીતે ૩૦૦ પુસ્તકોના સર્જનનો ઈતિહાસ રચી શકે છે. તે બાદ હતું 'Fun Zone' જેમાં બાળકોથી માંડીને વૃદ્ધો માટે જૈન તત્ત્વજ્ઞાનને સમજાવતી Technology Based રમતો મૂકવામાં આવી હતી. જેમાં બાળકોએ ખૂબજ ઉત્સાહથી ભાગ લઈને જ્ઞાનાર્જન કર્યું.

પોતાનાં જીવનને સ્પર્શતી અને જીવન જીવવાનું અદ્‌ભુત માર્ગદર્શન આપતી આ રચનાઓ જોવા આખું મુંબઈ જાણે પાગલ થયું હતું. ૧૦ દિવસમાં ૧૨ લાખથી વધુ લોકોએ અહીં આવીને પોતાનાં જે પ્રતિભાવો આપ્યા છે એને શબ્દોમાં સમાવવા અસંભવપ્રાયઃ છે.

આ 'સાહિત્ય સત્કાર સમારોહ'માં યુવાનો માટે તેમજ 'જૈન એલર્ટ ગ્રૂપ'ના દંપતિઓ માટે પ્રથમ ૩ દિવસ Youth Festival નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતભરથી તેમજ મુંબઈનાં મળીને ૧૦૦૦૦થી વધુ યુવક-યુવતીઓએ ભાગ લીધો. સાથે પાર્શ્વ-પ્રભુનાં જન્મકલ્યાણક નિમિત્તે આયોજેલ સામુહિક અઠ્ઠમમાં ૫૩૦૦થી વધુ તપસ્વીઓ જોડાયાં હતાં. રવિવારે ૩-૧-૨૦૧૬ માગસર વદ ૯ એ રાખવામાં આવેલ સરસ્વતી સાધનામાં ૧૫૦૦૦થી વધુ ઉપાસકો જોડાયા હતા. શનિવાર ૨-૧-૨૦૧૬ મુંબઈની પાઠશાળાનાં બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમોને નિહાળવા ૮૦૦૦થી વધુ બાળકો મુંબઈની અલગ-અલગ પાઠશાળામાંથી આવ્યા હતા. બહેનો અને યુવતીઓ માટે ખાસ આયોજિત કરવામાં આવેલ લેડીઝ પ્રવચનમાં તો જાણે મુંબઈની મહિલાઓનો મહાસાગર ઉમટી પડ્યો હતો. લગભગ ૩૦ થી ૩૫ હજાર બહેનો આ પ્રવચન સાંભળવા આવી હતી.

એ સિવાય અન્ય ઘણાં કાર્યક્રમો આયોજિત કરાયા. જેવી રીતે સામુહિક આરતી, 'સાહિત્ય સર્જનનો સોનેરી ઈતિહાસ' બહેનો માટે થાળ સજાવો પ્રતિસ્પર્ધા, **સાંઈરામ દવે**નો પુસ્તકો પરનો ડાયરો, શક્રસ્તવ વંદના, શાંતસુધારસ ભાવના, જીવનપરિવર્તન પરનાં નાટક, પરિવર્તન પંચામૃત, જેમાં મુંબઈગરાઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. શનિવાર ૯-૧-૨૦૧૬ માગસર વદ અમાસે સવારે આચાર્ય ભગવંત લિખિત ૩૦૦ પુસ્તકોની સુવર્ણ પ્રતિનાં અત્યંત ભાવોલ્લાસ સાથે લાભાર્થી પરિવારોએ વધામણાં કર્યાં અને સાંજે **ભવ્યગાંધી (ટપ્પુ)** દ્વારા ભજવવામાં આવેલ 'એક દોસ્ત ! જો જિંદગી બદલ દે' નાટક જોવા માટે તો લોકો જાણે પાગલ બન્યા હતા. ૨૦ થી ૨૫ હજાર લોકોના મહેરામણે આ નાટક જોઈને જીવનમાં ગુરુનું મહત્ત્વ જાણ્યું.

આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી **દેવેન્દ્ર ફડનવીસ,** ગુજરાતના મુખ્યમંત્રી **આનંદીબેન પટેલ,** છત્તીસગઢના મુખ્યમંત્રી **ડૉ. રમણસિંહ,** રાષ્ટ્રીય સ્વયં સંઘના સરસંચાલક **મોહન ભાગવત,** કેબિનેટ મંત્રી **ડૉ. હર્ષવર્ધન,** પૂજ્ય **મોરારીબાપુ** વગેરે અનેક પ્રસિદ્ધ હસ્તીઓ ગુરુદેવના આશીર્વાદ પ્રાપ્ત કરવા આવી હતી અને આચાર્ય ભગવંત પ્રત્યેના પોતાના સદ્‌ભાવ અને આદરભાવની

પ્રતીતિ કરાવી હતી.

૧૦-૧-૨૦૧૬ રવિવાર પોષ સુદ ૧ ના શુભ દિને દેશના માનનીય પ્રધાનમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ દિલ્હીમાં પોતાનાં કાર્યાલયમાં આચાર્ય ભગવંત લિખિત ૩૦૦ મા પુસ્તક **'મારું ભારત, સારું ભારત'** નું ખૂબ આદર સાથે વિમોચન કર્યું અને ત્યાંથી જીવંત પ્રસારણ દ્વારા અહીં રહેલ હજારોની મેદનીને ૨૦ થી ૨૫ મિનિટનું વક્તવ્ય આપ્યું. જેમાં શબ્દે શબ્દે આચાર્ય ભગવંત પ્રત્યેનો નીતરતો સદ્ભાવ, આચાર્ય ભગવંતનાં સાહિત્ય સર્જનનાં અમૂલ્ય યોગદાન પ્રત્યે ભારોભાર કૃતજ્ઞતા અને આચાર્ય ભગવંતના સંસ્કૃતિરક્ષાનાં પ્રયાસો પ્રત્યે નતમસ્તકતા ટપકતી હતી. એમનાં શબ્દો હતાં. ''આચાર્ય ભગવંત **રત્નસુંદરસૂરિજી** એ રાષ્ટ્રનું ગૌરવ છે અને એમના દ્વારા રચિત સાહિત્ય એ રાષ્ટ્રને પ્રાપ્ત થયેલ ઉત્તમ ઉપહાર છે'' ભારતનાં ઈતિહાસમાં આઝાદી પછીની આ ઐતિહાસિક ક્ષણ હતી જ્યારે ભારતનાં પ્રધાનમંત્રીએ જિનશાસનનાં એક આચાર્યને આટલું સન્માન આપ્યું હોય. એમનાં વક્તવ્યથી સંપૂર્ણ વિશ્વમાં જૈનધર્મનું, જિનશાસનનાં આચાર્યપદનું ગૌરવ વધ્યું હતું. અને જૈનત્વની એક અનોખી છાપ ઉપસી હતી.

ગુજરાતી પુસ્તકની મૂળ પ્રતિ ગુરુભક્ત **શ્રી કલ્પેશભાઈ**ને આપવામાં આવી હતી તો હિન્દી પુસ્તકનું વિમોચન તેમજ મૂળ નકલનું અર્પણ છત્તીસગઢના મંત્રી હોવા સાથે સુશ્રાવક એવા **રાજેશ મૂણોતે** કર્યું હતું. પાંચ ભાષામાં પ્રકાશિત થયેલ આ પુસ્તકમાં ભારતની વિશેષતા અને સંસ્કૃતિનાં વારસાની ખૂબ સુંદર વિવેચના તેમજ સંસ્કૃતિ રક્ષાની પ્રેરણા આચાર્ય ભગવંત દ્વારા આપવામાં આવી છે. ૧૦ દિવસનાં મહોત્સવને સફળ બનાવવામાં પૂજ્યશ્રીના સમસ્ત શિષ્યવૃંદ તરફથી, વિશેષ કરીને પૂજ્ય પંન્યાસ**શ્રી યુગસુંદર વિજયજી મહારાજ** દ્વારા વર્ષીતપની તપસ્યામાં, પૂજ્ય મુનિ**શ્રી વાત્સલ્યસુંદરવિજયજી મહારાજ**, પૂજ્ય મુનિ**શ્રી પરાર્થસુંદર વિજયજી મહારાજ** દ્વારા સતત માર્ગદર્શન અપાયું હતું. તેમજ સંઘભૂષણ **શ્રી કલ્પેશભાઈ વી. શાહ**, માટુંગાના **શ્રી કુમારભાઈ મહેતા**, સુરતનાં **ડૉ. સંજયભાઈ શાહ**, નાગપુરના **શ્રી નિખિલભાઈ**, નાસિકના **શ્રી પ્રવીણભાઈ**, મુલુંડના **શ્રી કૌશિકભાઈ**, અમદાવાદના **શ્રી પલકભાઈ** તેમજ જૈન એલર્ટ ગ્રુપનાં સેંકડો કાર્યકર્તાઓ, રત્ન પરિવારનાં કાર્યકર્તાઓ તેમજ અન્ય નામી-અનામી હજારો કાર્યકર્તાઓએ તનતોડ પરિશ્રમ ઉઠાવ્યો હતો. જિનશાસનની ઘટ-ઘટમાં પ્રતિષ્ઠા કરવાનો સહુનો ઉદ્દેશય સફળ થયો હતો. એનો સહુનાં હૈયે અપાર આનંદ હતો.

### વિશેષ અનુષ્ઠાનો
### યાત્રા ૩૦૦ પુસ્તકોની હાઈલાઈટ્સ

૩ હજાર સાધર્મિકોની ભક્તિ.

૩ હજાર કીટ આપવા દ્વારા અનુકંપાદાન.

મુંબઈની તમામ પાઠશાળાના શિક્ષક-શિક્ષિકાઓનું વિશિષ્ટ બહુમાન.

યુવા-યુવતીઓની શિબીરમાં ૧૦ હજાર યુવાનો પોષ દશમીના અઠ્ઠમ તપમાં, ૫૪૦૦ આરાધકો સરસ્વતીની સાધનામાં, ૧૫ હજાર આરાધકો પાઠશાળાના બાળકોના કાર્યક્રમમાં, ૬ હજાર બાળકો માત્ર બહેનો માટેના પ્રવચનમાં, ૪૦ હજાર મહિલાઓ સાહિત્ય સત્કાર સમારોહમાં... ૧૨ થી ૧૩ લાખ લોકોએ જૈન-અજૈનોએ દર્શનનો લાભ લીધો.

પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ આચાર્ય**શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા ૧૦-૧૦ આચાર્ય ભગવંતોની પાવન નિશ્રામાં ૩૦૦ મી પુસ્તકના વિમોચન પ્રસંગે ૧૫૦ જેટલા સાધુ ભગવંતો તથા ૫૫૦ જેટલા સાધ્વીજી ભગવંતો અનેક કુટિરોમાં ઉપસ્થિત હતા જેમાં સ્થાનકવાસી સમુદાયના સાધુ-સાધ્વીજી ભગવંતો અને અચલગચ્છના આચાર્ય**શ્રી કલાપ્રભસાગર સૂરિ મહારાજ** વગેરે સાધુ-સાધ્વીજી ભગવંતો ઉપસ્થિત હતાં. મુંબઈ લેવલ પર આટલા સાધુ-સાધ્વીજી ભગવંતના દર્શન માટે મુંબઈ તથા વિવિધ સ્થળેથી જન સમુદાય ઉમટ્યો હતો અને વ્યવસ્થા એટલી સુચારૂ હતી કે દરેક પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના મોઢામાંથી એક જ શબ્દ નીકળતો હતો...આ પ્રસંગને જોવા માટે અમે જો ન આવ્યા હોત તો ૧૦૦% પસ્તાવો રહેત.

## અથ વૈવિધ્યમ્

श्लोक : ''सुखमनुत्तरसुरावधि यदतिमेदुरं, कालतस्तदपि कलयति विरामम् ।
कतरदितरत्तदा वस्तु सांसारिकं, स्थिरतरं भवति चिन्तय निकामम् ॥''
( शान्त सुधारस-१ )

**શ્લોકાર્થ :** અનુત્તર દેવોના ૩૩ સાગરોપમનું સુખ પણ જો એક દિવસ પૂરું થવાનું છે, તો હે વિનય ! તું વિચાર ! બીજું કયું સુખ આથી વધુ ચિરસ્થાયી સંભવી શકે ?

**વિવેચન :** જે વાણી સાક્ષાત્ પરમાત્મા શ્રી વર્ધમાન સ્વામીના મુખેથી વહી છે. અને સૂત્રમાં ગૂંથાઈ છે તે ઉત્તરધ્યયનના સૂત્રના ૧૦ માં અધ્યયનની ધ્રુવપંક્તિ છે : 'સમયં' ગોયમ ! મા પમાયએ પરમાત્મા ગૌતમ નું નામ ટાંકીને આપણને સહુને સંબોધે છે.

શાન્તસુધારસ ગ્રન્થ પણ કંઈક આવી રીતે જ રચાયો છે. ગ્રન્થકાર મહોપાધ્યાયશ્રી વિનય વિજયજી મહારાજ જાણે જાત સાથે જ સંવાદ કરતા હોય, સ્વયંને જ શિખામણ દેતાં હોય એ રીતે 'વિનય'નું નામોલ્લેખ કરી ઉપદેશ આપ્યો છે.

આ એક એવો અદ્ભુત ગ્રન્થ છે. જેનાથી આત્મા ખુદને અનુભવી શકે છે, ખુદને જોઈ શકે છે, ખુદ સાથે જ વાતો કરી શકે છે. આ ગ્રન્થ આત્મ સંસ્પર્શનો ગ્રન્થ છે. આત્મ સંપ્રેક્ષણનો ગ્રન્થ છે. આત્મ સંવાદનો ગ્રન્થ છે.

સાધનો દ્વારા પુદ્ગલમાં સુખ રતિ મેળવવા ગાંડાતૂર બનેલ આપણા આત્માને શાન્ત સુધારસ ઢંઢોળીને કહે છે : સંસારમાં નથી તો કાયમી દુઃખ ટકતું કે નથી તો સુખ ટકતું. દશવૈકાલિકની ચૂલિકામાં શ્રી સીમન્ધર સ્વામી કહે છે. पलिओवमं झिज्झइ सागरोवमं જ્યારે મન સંતાપમાં પીડાય ત્યારે વિચારો કે જો નરકના પલ્યોપમ અને સાગરોપમના દુઃખો પણ એક દિવસ ભૂતકાળ બની ગયા છે તો આ વર્તમાન દુઃખ તો કેટલું નાનું !

શાન્તસુધારસમાં મહોપાધ્યાય શ્રી કહે છે : 'कतरदितरत्तदा वस्तु सांसारिकं' જ્યારે સુખમાં મહાલતો આત્મા જાતને જ વિસરી જવાની સ્થિતિમાં આવે ત્યારે વિચારો કે જો અનુત્તરના ૩૩ સાગરોપમના સુખનો પણ એક દિવસ અન્ત આવી ગયો છે, તો તેની સામે મારા આ સુખની કેટલી વિસાત ?

ભૂલ આપણે ત્યારે કરીએ છીએ જ્યારે દુઃખના વાદળો ઘેરાય છે. ત્યારે 'સમય જતાં દુઃખ પણ જતું રહેશે, હળવું થઈ જશે' એમ વિચારી મન મનાવી લઈએ છીએ. પણ જ્યારે સુખની વાછંટ વરસવા માંડે ત્યારે આ કાયમ વરસતી જ રહેશે. એમ માની વિશ્વસ્ત બની જઈએ છીએ.

શાન્તસુધારસ ગ્રન્થ આ જ આપણી ભૂલ તરફ અંગુલિ નિર્દેશ કરતાં રહે છે : જ્યારે સુખનું વાતાવરણ સર્જાય છે ત્યારે પણ 'સમય જતાં આ સુખ પણ જતું રહેશે, આ સાધનો દ્વારા પહેલ-વહેલીવાર જે ઉત્કટ સુખની અનુભૂતિ થાય છે તે સુખાનુભૂતિ પણ સમય જતાં હળવી થઈ જશે !'' એમ ચિંતવી મન વાળી લેવું જોઈએ.

પરિષહ બે પ્રકારના હોય છે : શીત પરિષહ, ઊષ્ણ પરિષહ. આચારાંગ સૂત્રનું ત્રીજું શીતોષ્ણીય અધ્યયન આખે આખું આ જ વિષયને આવરીને આલેખાયું છે. ઉપસર્ગ પણ બે પ્રકારે હોય છે : અનુકૂળ ઉપસર્ગ, પ્રતિકૂળ ઉપસર્ગ.

દુઃખ જ્યારે આવી પડે ત્યારે આપણે તરત જ તેને પરિષહ કે ઉપસર્ગનું લેબલ લગાવી દઈએ છીએ. પણ સુખને ? દુઃખ જો ઉષ્ણ પરિષહ છે તો સુખ શીત પરિષહ છે.

દુઃખ જો પ્રતિકૂળ ઉપસર્ગ છે. તો સુખ અનુકૂળ ઉપસર્ગ છે. સુખ પણ આખરે છે તો પરિષહ જ ઉપસર્ગ જ.

કારણ કે સુખ પણ ઔદયિકભાવનું મળે છે. સ્વભાવસ્થ થવા માટે, કર્મના વિપાકે જે સુખ મળે તે બધું જ વિઘ્નભૂત, ઉપસર્ગભૂત છે. ભલે ને તે પછી સુખ પણ કેમ ન હોય !

સંસારના સુખોમાં જેને સર્વોચ્ચ ગણાવવામાં આવ્યું છે તે શ્રેષ્ઠ (!) સુખ પણ એક વર્ષના સંયમજીવનના સુખ પાસે ઝાંખું પડે છે ! કારણ કે અનુત્તરનું સુખ ઔદયિકભાવનું છે. જ્યારે સંયમીનું સુખ ક્ષાયોપશમિક ભાવનું છે.

આપણને જો સ્થિર, શાશ્વત, સ્વાધીન સુખ જોઈતું હોય તો 'સુખ'ના માલની બ્રાન્ડ બદલવી પડશે. તે બ્રાન્ડનેમ છે ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔદયિક ભાવના સુખ ભોગવી ચિક્કાર કર્મબંધ જ કર્યો છે. હવે, ક્ષાયોપશમિકભાવના સુખ પામી, સાથોસાથ કર્મનિર્જરા કરી ક્ષાયિક સુખને પામીએ...

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

# અથ વૈવિધ્યમ્

## કરવું + છોડવું = પામવું

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. અને સમાજમાં સન્માનપૂર્વક જીવવું હોય, તો એણે કાંઈક કરવું પડે છે, અને કાંઈક છોડવું પડે છે. આ સમાજની અનુલ્લંઘ્ય નીતિ છે.

જેમ સમાજની નીતિઓ માણસને પશુ બનતાં અટકાવે છે, માટે એનો આદર કરવો જરૂરી છે. તેમ આત્મિક નીતિઓ ધાર્મિક મૂલ્યો, જે માણસને પરમાત્મપદનો ભોક્તા બનાવે છે, તેનું આચરણ કરવું પણ જરૂરી છે અને તેવાં ધર્મોનો સમાવેશ માત્ર બે જ શબ્દોમાં કરવો હોય, તો કહેવાય કે દુનિયામાં માત્ર બેજ પ્રકારના ધર્મો છે. નિવૃત્તિ પ્રધાન ધર્મ, અને પ્રવૃત્તિ પ્રધાન ધર્મ.

જે સાધુને જન્મ આપે છે, એનું પાલન પોષણ કરે છે, એવી આઠ પ્રવચનમાતાઓમાંથી ત્રણ ગુપ્તિ એ નિવૃત્તિ પ્રધાન ધર્મ છે અને પાંચ સમિતિએ પ્રવૃત્તિપ્રધાન ધર્મ છે.

માત્ર સાધુને જ શા માટે ? પ્રત્યેક સાધકને આ વાત સમાન ધોરણે લાગુ પડે છે. માટે જ કોઈ જિજ્ઞાસુએ યુગદૃષ્ટા મહર્ષિ પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજને પ્રશ્ન કર્યો- 'ભગવન્ ! મારે સાધક બનવું છે. માટે શું કરવું ? મને સાધકદીક્ષા આપો.' ત્યારે મંત્રાક્ષર સમા એકજ વાક્યથી એના કાન વીંધતા તે યુગદૃષ્ટા બોલ્યા, 'મહાનુભાવ ! સાધક થવા બે કામ કરો' ''હેયં હાનોચિતં સર્વમ્, કર્તવ્યં કરણોચિતમ્.'' છોડવા જેવું સઘળું છોડતા જાવ અને કરવા જેવું કરતા જાવ.

૧૪૪૪ ગ્રંથનાં રચયિતા પૂજ્યપાદશ્રીના આ સૂત્ર પર જરાક ટીકા કરવાની મજા માણીએ... છોડવા જેવું સર્વ છોડો. આમ કહીને પૂજ્યશ્રીએ છોડોની આગળ સર્વ શબ્દ મૂક્યો પણ કરો ની આગળ સર્વ શબ્દ કેમ ન મૂક્યો ? સુંદર સમાધાન છે. આ નાના અમથા ભવમાં, થોડાક અમથા વર્ષોમાં, થોડા કલાકોના અતિ અલ્પ વર્તમાન સમયમાં કરવા જેવું બધું થઈ જ ન શકે ને ! વૈયાવચ્ચ થાય, તો સ્વાધ્યાય ન થાય, સ્વાધ્યાય થાય, તો ભક્તિ ન થાય, ભક્તિ થાય તો પ્રવચન ન થાય. પણ આજ કલાકે આજ મિનિટે આજ ક્ષણે છોડવા જેવું બધું તો એકી સાથે જ એકી ઝાટકે જ છોડી શકાય છે જ. આથી પ્રવૃત્તિધર્મ કરતા નિવૃત્તિ ધર્મનું ફલક ઘણું વિશાળ વિસ્તૃત છે. માટે જ પૂજ્યશ્રી-એ કહ્યું કે છોડવા જેવું સઘળું છોડી દેવું.

શ્રમણ પ્રભુ મહાવીરનાં શ્રમણોમાં એકદા થોડો વિવાદ જાગ્યો. સૌથી મોટો દોષ કયો ? એવો કયો દોષ છે, જેને ન છોડીએ, તો ભયંકર વિનાશ સર્જાય ? કોઈ કહે ક્રોધ ભયંકર, કોઈ કહે કામ અતિ ભયંકર, કોઈ કહે માયા ખતરનાક, કોઈ બોલી ઊઠ્યું : અરે ભાઈ ! લોભ તો સૌથી ભયાનક...એમનામાં એકમતિ ન થઈ. બધા પ્રભુ પાસે આવ્યા. પૂછ્યું સૌથી ભયંકર દોષ કયો ?

પરમાત્મા કહે : એક ઘડામાં છલોછલ પાણી ભરીને પછી એને ક્યાં કાણું પાડો તો પાણી ન નીકળે ? શું ઉપર કાણું પાડો, તો પાણી નીકળે ? શ્રમણો કહે : જી. નીચે કાણું પાડો તો'ય પાણી નીકળે. સાધુઓ કહે : હાજી... પ્રભુ કહે, બસ આમજ દરેક દોષ એ આત્માના ઘડામાં કાણું પાડવા સમાન છે, અને જે આત્મામાં કાણું પડ્યું, ત્યાં ગુણોનું પાણી ટકી શકતું નથી.

સંદેશ સ્પષ્ટ છે. પ્રભુ કહે છે : સાવધાન ! બધા દોષો દુર્ગતિગમન કરાવી શકે, માટે બધા જ છોડી દે. રાહ ન જોઈશ. નહીં તો માર્યો જઈશ. દુર્ગતિમાં રખડી પડીશ.

અને એની સામે એક આશ્વાસન પણ છે. તપ નથી થઈ શકતો, ચિંતા ન કર...સ્વાધ્યાયથી પણ મોક્ષ મળી શકે જ છે. માત્ર તપજ મોક્ષનું કારણ નથી...સ્વાધ્યાય કર, કરવા જેવું બધું ન કરી શકે, તો'ય મોક્ષ નહીં અટકે. બધાની ઈચ્છા રાખ જેની અનુકૂળતા છે એ કરતો જા...પણ છોડવા જેવું બધું જો ન છોડ્યું, તો મોક્ષની મંજિલ હજી દૂર છે, એ સમજી લેજે. કારણકે, નાનકડો અમથો પણ દોષ, આત્માના ગુણોના જલને ખાલી કરી શકે છે.

છોડવા જેવું બધું છોડતા જાવ, કરવા જેવું કરતા જાવ...આ પ્રવૃત્તિ અને નિવૃત્તિ ધર્મનો સુંદર સુભગ સમન્વય જ્યાં થાય, ત્યાં જ ધર્મ પ્રગટે છે. ધર્મ ક્યારેય માત્ર પ્રવૃત્તિ રૂપ ન હોય કે માત્ર નિવૃત્તિ રૂપ પણ ન હોઈ શકે. પ્રવૃત્તિ અને નિવૃત્તિની બે બાજુઓ ભેગી થાય, ત્યારે ધર્મનો સાચ્ચો સિક્કો બને છે.

**પરમ પૂજ્ય મુનિશ્રી તીર્થબોધિવિજયજી મહારાજ**

# પ્રેરક પ્રસંગો

## ૪૭. હા...પસ્તાવો વિપુલ ઝરણું...

ગામમાં એક દિવસ સંત પધાર્યા. આખું ગામ સંતની વાણી સાંભળવા આવે. સંતની વાણી ખૂબ અસરકારક રહેતી. દરેકને એ વાણીના પાણીમાં પોતાના પાપો ધોઈ નાંખવાની ઈચ્છા થતી.

સંતના સંત્સગમાં એક શેઠ પણ આવતા. શેઠે સંતની વાણીના પેઢીમાં વખાણ કર્યા. આ સાંભળી મુનિમજી પણ સત્સંગમાં આવતા થયા. મુનિમજી સંતવાણીથી ખૂબ પ્રભાવિત થયા. એક દિવસ સંતે ઈશ્વર ધ્યાનની વાત કરી. એ સાંભળી મુનિમજીએ ધ્યાન કરવાનું શરૂ કર્યું. પણ ધ્યાનમાં મન ન લાગતા એણે એકાંતમાં સંતને વાત કરી. મારું મન કેમ કરીને ધ્યાનમાં લીન નથી થતું. આપ એવી કૃપા કરો કે..જેથી મારા ચિત્તની એકાગ્રતા થાય.

સંતે કહ્યું : મુનિમજી ! કદાચ તમારા પેટમાં કોઈ પાપ હશે. જેથી ધ્યાનમાં તમે લીન નથી થઈ શકતા.

મુનિમે કહ્યું : મહારાજ ! તમારી વાત સાચી છે. મેં મારા શેઠના ૨૦૦૦ રૂપિયા ચોરી લીધા છે. એ પાપ મને ખટકે છે. આજે જ હું એ રૂપિયા પાછા મૂકી દઈશ.

બીજા દિવસે સંતે પૂછતા મુનિમજીએ કહ્યું : મહારાજ ! હવે ધ્યાનમાં ચિત્ત થોડું-થોડું એકાગ્ર થાય છે. પણ પુરેપુરૂં નહિ. આ સાંભળી સંતે કહ્યું : મુનિમજી ! તમે રૂપિયા ભલે મૂકી દીધા, પણ જે પાપ કર્યું... તેની માફી નહી માંગી હોય, તમારે તમારા શેઠની આ પાપ બદલ માફી માંગી લેવી જોઈએ.

આ સાંભળતા જ મુનિમજી બોલ્યા. તો તો મારી કિંમત કોડીની થઈ જાય. શેઠ આગળ મારી આબરૂની ધુળધાણી થઈ જાય.

પણ સંત ખરા નીકળ્યા. એમણે કહ્યું : ભલા માણસ ! લોકમાં આબરૂ સાચવી રાખવા માટે તું તારા પેટમાં પાપ કેમ સંઘરી રાખે છે ? પાપનો નિકાલ કરવાથી ક્યારેય આબરૂ ઘટતી નથી, ઉલટાની વધે છે. ચાલ, તારા પગ ઉપડતા ન હોય તો હું તારી સાથે આવું.

સંત મુનિમને લઈને શેઠ પાસે ગયા. મુનિમે પશ્ચાત્તાપ સાથે માફી માંગતા શેઠે મુનિમને પોતાની પેઢીનો પાર્ટનર બનાવી દીધો.

## ૪૮. મા-બાપને ભૂલશો નહિ...

એક છોકરાના કારનામાથી એનું ઘર નહિ, આખું ગામ કંટાળી ગયું હતું. ત્રાસી ગયું હતું. કારણકે એ છોકરો માત્ર પરિવારને નહિ, આખા ગામને ત્રાસ આપી રહ્યો હતો. ક્યારેક દારૂપીને રસ્તે જતી મા-દીકરીઓની છેડતી કરી લે તો ક્યારેક જુગારમાં હારી જતા લોકોના રૂપિયા ચોરી લેતો.

આ ત્રાસથી કંટાળીને આખા ગામે એને સુધારવાનો પ્રયત્ન કર્યો, એ ન સુધરતા ગામ આખાએ ભેગા મળીને એને ગામ બહાર કાઢી મૂકવાનો ઠરાવ કર્યો. આખા ગામની સલાહ લીધી, અને સહી પણ લીધી. સહુની સહીઓ આવી જતા અંતે એના બાપની સહી લેવા ગયા.

પોતાના દીકરાને ગામ બહાર કાઢી મુકવાના ઠરાવ નીતે સહી કરતા બાપનો જીવ ન ચાલ્યો, એટલે આનાકાની કરવા લાગ્યા. એને હું સુધારીશ...તમે એક ચાંસ આપો...એમ કરગરીને વિનંતી કરવા લાગ્યા.

આ જોઈ ગામે કહ્યું : તમને શરમ નથી આવતી ? આવા ગામના ઉતાર જેવા દીકરાને ઘરમાં રાખતા ? એને ઘરમાં રાખીને તમારે તમારી આબરૂના કાંકરા કરવા છે ?

આ સાંભળી બાપ રડી પડ્યો. એણે કહ્યું : ગમે તેમ મારો પુત્ર છે. તમે મને બે મહિનાની મુદત આપો. એમાં એને સુધારવાનો હું ભરચક પ્રયત્નો કરીશ. ગામવાળા બાપની લાગણી પાસે ઝૂકી પડ્યા. ગામવાળા રવાના થઈ ગયા.

ગામવાળા અને બાપ સાથે જે વાતો થઈ...તે દીકરો જોઈ રહ્યો હતો. જેવા ગામવાળા ઘરમાંથી બહાર નીકળ્યા કે તરત જ આ દીકરો બાપના પગે પડ્યો. એણે કહ્યું : પિતાજી ! મારે ખાતર તમારે કેટલું સહન કરવું પડે છે. મેં તમને સુખ તો ન આપ્યું પણ દુઃખ આપવામાં પાછું વળીને જોયું નથી. તમે મને દશરથ જેવા મળ્યા...પણ હું રામને બદલે રાવણ બન્યો. પિતાજી ! મને માફ કરી દો...આજથી જુગાર, ચોરી, પરસ્ત્રીગમન, દારૂ જેવા તમામ વ્યસનોને તિલાંજલી આપુ છું. આજથી તમારો દીકરો વાલિયામાંથી વાલ્મિકી બની બતાવશે.

આ જોઈ પિતાજીની આંખો વરસવા લાગી. ગામ આખાને છોકરાના પરિવર્તનના સમાચાર મળી ગયા.

બે મહિના પછી નહિ, બીજા જ દિવસે ગામવાળા આવીને પિતાના ચરણોમાં પગે પડી માફી માંગી ગયા.

: લેખક :

**પરમ પૂજ્ય આચાર્યશ્રી મહાબોધિસૂરિજી મહારાજ સાહેબ**

# એક વચનથી અજવાળું

(૧) ઊંચા ભવના થાળે આવવા છતાં જો આનંદ જડના જ ભારે રહ્યા કરે છે, તો એ પુનઃભવની પરંપરામાં ભ્રમણ કરવાનું સૂચવે છે. માટે હવે આનંદ માણવા તે ધર્મ પ્રાપ્તિના, ધર્મ સાધનાના અને હૃદયમાં ધર્મ પરિણતિ વધવાના આવી સમજ પર એના આનંદ અનુભવાતા જવાય ને એમ ધર્મ પ્રેમ વધે.

- ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨) દુઃખ વેઠીને કરાતો ધર્મ દુઃખને જ દૂર કરે છે.

- આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩) જેમ જેમ લોભ ઓછો થાય છે તેમ તેમ મનુષ્યોને સુખ અને ધર્મની સિદ્ધિ થાય છે.

- આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૪) વીતરાગતા મેળવવાની મહેનત કરો મોક્ષ મેળવવાની નહિ કેમકે વીતરાગતા મેળવ્યા પછી મોક્ષ મળી જ જવાનો છે.

- આચાર્ય શ્રી જગત્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૫) જેના પર ગુરુ પ્રસન્ન તેના પર પ્રભુ પ્રસન્ન બને. જેના પર પ્રભુ પ્રસન્ન તેના પર દુનિયા પ્રસન્ન હોય.

- આચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૬) જિનવાણી એ જિનશાસનની રાજધાની છે. મહારાષ્ટ્રના કોઈ ગામડાને બીજા કોઈ શહેર સાથે સંપર્ક હોય કે ન હોય મુંબઈ સાથે તો સંપર્ક હોય જ. મુંબઈને બીજા કોઈ શહેર સાથે સંપર્ક હોય કે ન હોય. દિલ્હી સાથે તો સંપર્ક હોય જ. એમ શ્રી સંઘનો પ્રત્યેક સભ્ય બીજી કોઈપણ આરાધના કરે કે ન કરે પણ 'જિનવાણી શ્રવણ'નો તો એને સંપર્ક નિત્ય હોવો જ જોઈએ. જિનવાણીની આરાધના તો કરેજ.

- આચાર્ય શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૭) સામી વ્યક્તિનું શબ્દો દ્વારા જ્યારે પણ હૃદય તોડો ત્યારે એકવાર ચેક કરી લેજો તે હૃદયમાં તમે તો નથી બેઠાને ?

- આચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૮) જગતમાં જેના વિરોધીઓ વધારે તેના જીવનમાં શાન્તિ ઓછી.

- આચાર્ય શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૯) માનવતા એ કોઈ ધર્મ નથી પણ જીવદયા ધર્મ એ સાચી માનવતા છે. પરોપકાર એની કલગી છે.

- આચાર્ય શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૦) દેખાતા પદાર્થો શરીર વસ્ત્ર પરિવારને જે પ્રાધાન્ય આપે તે સંસાર અને જે ન દેખાતા પદાર્થો આત્મા-મોક્ષ-પરલોકને મહત્ત્વ આપે તે ધર્મ. દેખાતી ચીજ માને તે સંસાર ન દેખાતી ચીજ સાચવે તે ધર્મ.

- આચાર્ય શ્રી ચંદ્રજિત્સૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૧) હું સ્વજનોથી, પરિજનોથી, સંપત્તિથી અને શરીરથી પણ જુદો છું, જેની આ પ્રકારની નિશ્ચિત મતિ હોય છે તેને શોક રૂપી કલિ દુઃખી કરતો નથી.

- આચાર્ય શ્રી વરબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૨) પર નિંદામાં બીજાનું મોત. સ્વ પ્રશંસામાં પોતાનું મોત.

- આચાર્ય શ્રી અભયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૩) રાગનું કારણ જડ નથી પણ રૂપીપણું છે જે રાગ કરાવે છે.

- આચાર્ય શ્રી પદ્મસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૪) આગ્રહ વગરની અપેક્ષા રાખો. સંબંધ માં કટુતા પેદા નહીં થાય.

- આચાર્ય શ્રી મુક્તિદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૫) मन अशांत होगा तो भोजन विष बनेगा और भजन अर्थहीन बनेगा ।

- આચાર્ય શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૬) જે ભક્તિ દિલથી થાય છે એ હંમેશા આત્મા તરફ જ દોરી જાય છે.

- આચાર્ય શ્રી વિશ્વકલ્યાણસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૭) સારા ફોટા કરતાં સ્વસ્થ એક્સ-રેની કિંમત વધારે છે. બહારના દેખાવ કરતાં અંદરનો સુધારો ઘણો મહત્ત્વનો છે.

- આચાર્ય શ્રી અભયચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૮) શરીરમાં પેદા થતા રોગને મન સુધી ન લઈ જાવ. મનમાં પેદા થતાં દોષને કાયા સુધી ન લઈ જાવ. બચી જશો...

- આચાર્ય શ્રી કુલબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૯) मोम का अग्नि से बचना चाहिए, मोम जैसे मन वालो को निमित्तो से बचना चाहिए ।

- આચાર્ય શ્રી યશોરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૦) પડતાને ધારણ કરે તે ધર્મ પણ પડતાને પાટુ મારે તે સંસાર.

- આચાર્ય શ્રી અક્ષયબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૧) કાનખોતરણી કરતાંય કાન ભંભેરણી વધુ જોખમી છે. કાનખોતરણી તો કાન જ ખોતરે અને કાનનો જ મેલ કાઢે, જ્યારે કાનભંભેરણી તો જીવન ખોતરે અને આખું જીવન મેલું બનાવે.

- આચાર્ય શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૨) બિન શરતી શરણાગતિ તેનું નામ સમર્પણ.

- આચાર્ય શ્રી રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૩) ધર્મ ભાવનાનો પુરુષાર્થ નબળા પ્રારબ્ધને પણ સબળ પ્રારબ્ધમાં બદલી શકે છે.

- આચાર્ય શ્રી હરિકાંતસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૪) दारू, गुटखा, सिगारेट आदि लत है जो लात मार कर गिराती हैं ।

- આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૫) સમય સંઘરી શકાતો નથી ને સંઘરેલી સંપત્તિ સંઘરાયેલી રહેતી નથી. इनसान नशा करता है, नशा उसका नाश करता है।

- આચાર્ય શ્રી અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૬) કોઈનું કશું ન સાંભળનારાઓ અને બધાનું બધું સાંભળનારાઓ માટે 'સફળતા' સદા શંકાસ્પદ છે.

- આચાર્ય શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૭) નબળું વિચારવા માટે મન પાસે હજારો કારણો હશે. પરંતુ, એટલું યાદ રાખજો કે સબળું વિચારવા માટે મન પાસે લાખો કારણો છે.

- આચાર્ય શ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૮) સત્તા, સંપત્તિ, સામગ્રી કે સ્વતંત્રતાને નહિ, પણ સમાધિ મેળવવાનો પ્રયત્ન કરીએ.

- આચાર્ય શ્રી મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૯) કર્મના બંધ કરતાં અનુબંધ તરફ વધુ ગંભીર બનો. પાપ કર્મનો બંધ દુઃખી બનાવે જ્યારે પાપાનુબંધ તો વારંવાર પાપી બનાવે.

- આચાર્ય શ્રી જિનસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૦) તારી હાક સુણીને કોઈ ના આવે તો એકલો જાને રે...

- આચાર્ય શ્રી મલયકીર્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૧) ભેગા થવું તે કાર્યની શરૂઆત છે. ભેગા રહેવું તે કાર્યનો વિકાસ કહેવાય. ભેગા કામ કરવું તે કાર્યની સફળતા કહેવાય.

- આચાર્ય શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૨) ખેતીમાં જેમ પાણી જરૂરી છે તેમ શુભ અનુષ્ઠાનમાં એકાગ્રતા જરૂરી છે.

- આચાર્ય શ્રી હર્ષવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૩) આંસુ પાડવાથી પાપ સાફ થઈ જાય આંસુ પડાવવાથી ધર્મ સાફ થઈ જાય.

- આચાર્ય શ્રી જિનેશરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૪) પ્રભુએ જે મેળવ્યું તે જોઈએ છીએ. પ્રભુ જ્યાં ગયા ત્યાં જવું છે પણ પ્રભુ જે માર્ગે ગયા તે માર્ગે ચાલવું નથી. તો પ્રભુ કેમ મળે ?

- આચાર્ય શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

## પોષ સુદ બારસના મંગળ દિવસે ચાણસ્મા પહોંચ્યા હોંશે...

શું હાથ કંગનને આરશી જરૂરી છે ?

રાજનગરની તમામ પોળો પળે પળે ધર્મથી રંગાતી હતી...એમાં કાળુશીની પોળ...અને એમાં વિજય ચિંતામણી પાર્શ્વનાથ દાદાનું સાન્નિધ્ય...સંભવનાથ દાદાની છત્રછાયા...પછી તો પૂછવું જ શું...દાદાના શિખરોથી આકાશ પવિત્ર...સાધુ-સંતોથી ધરતી પવિત્ર... સદાબહાર ખીલેલી ધર્મની મોસમ...મીઠો... મીઠો...ધર્મનો ચોમાસી વાયરો અને ત્યાં રહેતા અનેક ધર્માભિમુખ શ્રાદ્ધવર્યોમાં ચીમનભાઈ ભૂરીબહેનના પવિત્ર ઘરમાં એક પવિત્ર આત્માનો જન્મ થયો. નામ એનું કાન્તિલાલ. આગળ વધતાં પુન્ય, સાધના અને શક્તિના પ્રચંડ માધ્યમે પરદેશની વિદ્યાર્થી આલમમાં ઈતિહાસ સર્જ્યો. આજની સી.એ.ની સમકક્ષ એ સમયની જી.ડી.એ.ની પદવી મળી.

જાત મહેનતથી મળેલી ડિગ્રીએ કાંતિલાલના મનમાં અનેરો ઉત્સાહ અને જોમ લાવી દીધું. એકવાત યાદ રાખવા જેવી છે કે, પૈસા આપીને ડિગ્રી તો ઘણી મેળવાય છે. પણ ડિગ્રી મેળવવા માટે પરસેવો પાડનાર વિરલ જ હોય છે. પરિવાર ઉત્સાહમાં આવી ગયો. પણ કાંતિ અને પોપટ બન્ને ભાઈઓ ધર્મના રંગે રંગાઈ ચૂક્યા હતા. દીક્ષાની રજા ના મળતા આ દિવસે તેઓ ઘર છોડીને નીકળી ચૂક્યા હતા. અને પદ, પદવી, પ્રતિષ્ઠા ને ત્યાગ આ બન્ને ભાઈએ પોતાના ગુરુદેવ પૂજ્ય પ્રેમસૂરિજી મહારાજની નિશ્રામાં ચાણસ્મા પહોંચ્યા. એક વાત યાદ રાખવા જેવી છે. ઉગતી જુવાનીમાં લોહી થનગનાટ કરતું હોય છે. મનના તરંગો સાથે નાચતું હોય છે. અને સાહસ ખેડવાના સ્વપ્નો સેવતું હોય છે.

યૌવનના ઉગમકાળે જો માનવી અવળા માર્ગે ચઢી જાય તો એનું યૌવન કરમાવા માંડે છે. અને જો એ જ્ઞાન અને સંસ્કારના પંથે વળે છે તો એના જીવનનો પાયો ઘણો સુદૃઢ બને છે. કાંતિલાલ અને પોપટ બન્ને ભાઈઓ સંસારની સમસ્ત માયા જાળોને ભેદીને આજના દિવસે ચારિત્ર અંગીકાર કર્યું. અને પવિત્ર પુરુષ પ્રેમસૂરીશ્વરજી મહારાજના ચરણોમાં મુનિરાજશ્રી ભાનુવિજય અને પદ્મવિજય બની ગુરુ સેવામાં આગળ વધ્યા.

આશ્ચર્યની વાત તો એ છે કે... માથા ફરેલા ડિગ્રી ધારીઓ બીજાનું માથું ફેરવી દેતા હોય છે જ્યારે આ મહાપુરુષ મહત્ત્વની ડિગ્રીઓ હાંસલ કરેલી હોવા છતાં આજે એ ડિગ્રીને ભગવાનના ચરણોમાં જેમ કોઈ શ્રીફળ ધરાવે એમ ગુરુચરણોમાં પોતાની ડિગ્રીનું પણ સમર્પણ કરી દીધું.. ત્યારે કહેવાનું મન થાય કે...

તે ધન્ના જેહિં દિટ્ઠોસિ....

## તપસ્વીનો જય જયકાર

સિદ્ધપચ્ચક્ખાણદાતા અનેક સામુહિક સિદ્ધિતપ, માસક્ષમણ શ્રેણિતપના પ્રેરક-સિદ્ધાંત દિવાકર પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના મંગલ આશીર્વાદથી પૂજ્ય સંઘશાસન કૌશલ્યાધાર આચાર્ય**શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** ના શિષ્યરત્ન પૂજ્ય તપસ્વી મુનિરાજ**શ્રી પ્રિયદર્શીવિજયજી મહારાજ** ૧૦૦ દિવસના ભદ્રતપની ભીષ્મ આરાધના કરી રહ્યા છે.

પૂજ્ય ગચ્છાધિપતિના શ્રીમુખે ધનતેરસના દિવસે પચ્ચક્ખાણ લઈને મુનિશ્રીએ તપ-આરાધના શરૂ કરી તેમાં ૧,૨,૩,૪,૫/૩,૪,૫,૧,૨/૫,૧,૨,૩,૪/૨,૩,૪,૫,૧/૪,૫,૧,૨,૩ ઉપવાસ લેખે ૧૦૦ દિવસમાં ૭૫ ઉપવાસ અને માત્ર ૨૫ બિયાસણા હોય છે.

બન્ને ગુરુ ભગવંતોની અસીમ કૃપાથી પૂર્વે પણ મુનિશ્રી નાની-નાની તપશ્ચર્યાઓ ઉપરાંત ૫૧ ઉપવાસ, ૫૯ ઉપવાસ, બૃહદ્ ધર્મચક્રતપ, સિદ્ધિતપ, શ્રેણીતપ કરી ચૂક્યા છે. પૂજ્ય તપસ્વી મુનિશ્રીનું પારણું ૧૪/૨, રવિવાર મહા સુદ ૭ ના શુભ દિવસે થશે. તપસ્વી-પ્રભાવક મુનિરાજને વંદન... વંદન...વંદન...!

## અનુમોદના વારંવાર

મુંબઈ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના નિશ્રાવર્તી વયસ્થવીર એ મહાત્માનો આ છે શાસન અનુરાગ : અત્યાર સુધીમાં એમણે ૧૨૫ લાખ મહામંત્ર=નવકારમંત્રનો જાપ કરેલ છે. લગભગ ૩૬ લાખ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરેલ છે. અને ૨૦૭૧ના વિક્રમના વર્ષમાં ૨૧૪-આયંબિલ, ૧૪૨-એકાસણા, ૭-બેસણા અને ૧૩-ઉપવાસ કરેલ છે.

પોતાનું પડિલેહણ જાતે જ કરવાનું અને પાંચ-છ મહાત્માના ૨/૩ કપડાંનો ભાવપૂર્વક પડિલેહણનો લાભ પણ લેવાનો શાસનરસિક વયસ્થવીર એ મુનિવરનું શુભનામ મુનિરાજ**શ્રી શિવશર્મવિજયજી મહારાજ**, સુવિશાળ ગચ્છાધિપતિ આચાર્યદેવ**શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ**ના શિષ્યરત્ન શાંતસ્વભાવી, આત્મલક્ષી આરાધક-સહાયકભાવયુક્ત એ મુનિરાજશ્રીની ભૂરી ભૂરી અનુમોદના...!

સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ**શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્યદેવ**શ્રી વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્યદેવ**શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્ય**શ્રી વિજય મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**નો

## સંભવિત કાર્યક્રમ

| તિથિ | વાર | તારીખ | વિગત |
|---|---|---|---|
| પોષ વદ ૧૨ | શુક્રવાર | ૫-૨-૧૬ | ૧૮૦ ઉપધાન તપ માળારોપણ-કલિકુંડ તીર્થે |
| મહા સુદ ૭<br>મહા સુદ ૮ | રવિવાર<br>સોમવાર | ૧૪-૨-૧૬<br>૧૫-૨-૧૬ | પૂજ્ય મુનિરાજશ્રી પ્રિયદર્શીવિજયજી મહારાજનું ભદ્ર તપનું પારણું-કલિકુંડ તીર્થે<br>કલિકુંડ તીર્થે સ્થિરતા |
| મહા સુદ ૯ | મંગળવાર | ૧૬-૨-૧૬ | સુવર્ણ સંધ્યા (વિહારમાં) |
| મહા સુદ ૧૦/૧૧/૧૨ | બુધ,ગુરુ, શુક્ર | ૧૭,૧૮,૧૯ | બાકરોલ વિહાર ધામ મધ્યે ઉપધાન તપ માળારોપણ,<br>મહા સુદ ૧૨ શુક્રવાર તા.૧૯-૨-૨૦૧૬ |
| મહા સુદ ૧૩ | શનિવાર | ૨૦-૨-૧૬ | મહિમા ધામ |
| મહા સુદ ૧૪ થી | રવિવારથી | ૨૧-૨-૧૬થી | સોમેશ્વર જૈન સંઘ-સેટેલાઈટ, પૂજ્ય ગચ્છાધિપતિશ્રી આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૩૩ મા આચાર્ય પદ દિન મહા સુદ ૧૩ની શાનદાર ઉજવણી (મહા સુદ ૧૪ રવિવાર, તા.૨૧-૨-૧૬)<br>સોમેશ્વરમાં પ્રાયઃ ૨૦ દિવસની સ્થિરતા |

તા.ક. : ચૈત્રી ઓળીની આરાધના ગિરધરનગર શાહીબાગ મધ્યે

-: સંપર્ક સૂત્ર - પત્ર વ્યવહાર :-

જયેશભાઈ સી. ભણસાલી - રૂચી ડાયમન્ડ : એસ/૬, વિશાલ કોમર્શીયલ સેન્ટર, દિનેશ હોલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૬૫૮૪૯૩૯, ૨૬૫૮૧૧૦૮ પિનુભાઈ : મો. ૯૫૩૭૨૭૭૦૯૨

# પરમ પૂજ્ય મુનિશ્રી મોક્ષસુંદરવિજયજી મહારાજ મહેસાણા ખાતે કાળધર્મ પામ્યા

## પરમ પૂજ્ય મુનિશ્રી ભવ્યસુંદરવિજયજી મહારાજશ્રીનો આવેલ પત્ર

સેવક ભવ્યસુંદરવિજયજીની વંદના....

માગસર સુદ ૧૪ના સાંજે ૪-૦૫ કલાકે મારા શિષ્ય પૂજ્ય મુનિશ્રી મોક્ષસુંદરવિજયજી મહારાજ ૯ વર્ષનો સંયમ પર્યાય પાળીને પૂર્ણ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

સંસારી નામ મફતભાઈ જોગાણી, ડીસા-ધાનેરા પાસેના ખીમત ગામના વતની. ગોરેગામ-જવાહરનગરમાં સ્થાયી થયેલા. આરાધક-ઉદાર શ્રાવક તરીકે તેમની નામના હતી. ગૃહસ્થજીવન પણ સુકૃતોથી ભરપૂર હતું.

ગોરેગામ-જવાહરનગરમાં આદીશ્વર ભગવંત અને રાંદેર રોડ (સુરત)માં શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતની અંજનશલાકા વખતે અનુક્રમે પૂજ્ય આચાર્યશ્રી સુબોધસાગરસૂરિજી મહારાજ સાહેબ અને પૂજ્ય આચાર્ય ભગવંત અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે પ્રભુના માતા-પિતા બનવાનો લાભ કોઈપણ ચડાવા વિના તેમને આપેલો.

ગોરેગામ જવાહરનગરમાં ધર્મનાથ સ્વામી જિનાલયના ખનન, શિલાસ્થાપન તથા ધર્મનાથ ભગવંતના પ્રવેશ-પ્રતિષ્ઠાના લાભ લીધા.

ગોરેગામ જવાહરનગર ઉપાશ્રય (પ્લોટ નં. ૯૫) ના મુખ્ય લાભાર્થીનો લાભ લીધો.

નાના છાપરા (અમદાવાદ-કલિકુંડ વચ્ચે)માં કાયમી ધજા, મિરામ્બિકા-અમદાવાદમાં સુમતિનાથ ભગવંત, વડોદરા-હરણી રોડમાં આદીશ્વર ભગવંત, સુરત-ગોપીપુરામાં સુમતિનાથ ભગવંત, સુરત-રાંદેર રોડમાં વાસુપૂજ્ય સ્વામી ભગવંત, મહીદપુર (એમ.પી.)માં ૨ ભગવાન, ગોધરા, પાલી, ખીંમત, થલતેજ વગેરે અનેક સ્થાનોએ પરમાત્મા, ભરાવ્યા પ્રતિષ્ઠાઓ કરી.

ત્રણે ઉપધાન કર્યા.

બે વાર ઉપધાન કરાવ્યા. પોતાના શ્રાવિકા અને પુત્રવધુને પ્રથમ માળ પહેરાવી.

અનેક ઉપાશ્રયોનો પણ લાભ લીધો. (રંગસાગર, કાસીન્દ્રા, સીલેગઢ, મહીદપુર વગેરે...)

ગોરેગામ-જવાહરનગર સંઘમાં ટ્રસ્ટી તરીકે લગભગ ૨૩ વર્ષ સેવા આપી અને સંઘમાં પ્રચંડ લોકપ્રિયતા મેળવી હતી.

પૂજ્ય ગચ્છાધિપતિશ્રી સહિત અનેક મહાત્માઓના ચાતુર્માસ પરિવર્તનનો લાભ લીધો હતો.

ગોરેગામમાં બિરાજમાન ગ્લાન-વૃદ્ધ વગેરે મહાત્માઓના ગોચરી વગેરે, દીક્ષાર્થીઓની સાધર્મિક ભક્તિ માટે લાભ લેતા નવાણું વર્ષીતપ અઠ્ઠાઈ વગેરે તપ કર્યા.

શિખરજીની સ્પેશીયલ ટ્રેન દ્વારા ૫૫૦ આરાધકોને યાત્રા કરાવી. પોતાને પ્રબળ સંયમની ભાવના હોવાથી ત્રીસેક વર્ષ પૂર્વે છાતીનો દુઃખાવો થવા છતાં ડૉક્ટરને બતાવ્યું જ નહીં. કારણકે 'બાયપાસ' કરાવવું પડે તો પછી દીક્ષા ન મળે. ઈચ્છાશક્તિના પ્રભાવે શરીરે, ૧૦૦% બ્લોક થયેલ નળીને બાયપાસ કરતી નવી કુદરતી નળી બનાવી. જે ૬ વર્ષ પૂર્વે એન્જીયોગ્રાફી કરાવી ત્યારે ખબર પડી પોતાને મોટી ઉંમરે સંયમ મળે તે માટે સુપુત્ર મનીષને દીક્ષા માટે તૈયાર કરીને ધામધૂમથી દીક્ષા આપી જે જવાહરનગર-ગોરેગામમાં અઢળક દીક્ષાઓ થવા છતાં હજુ પણ લોકોની સ્મૃતિમાં છે.

તેમના સુપુત્ર પૂજ્ય મુનિશ્રી મૃદુસુંદરવિજયજી મહારાજ, પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરૂપે સુંદર સંયમજીવન પાળી રહ્યા છે.

ગચ્છાધિપતિશ્રી પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને મારા ગુરુદેવ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબની પરમ કૃપાથી વિ.સં.૨૦૬૩, ફાગણ વદ ચોથના સંસારી વતન ખીમતમાં પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના હસ્તે દીક્ષા લીધી.

સંયમજીવનમાં પહેલા ત્રણ વર્ષ એકાસણાં, ૧૬-૧૬ કિ.મી.ના વિહાર, પોતાનો કાપ, માંડલીના કાર્યો કરતાં હતાં. ૨૩ વર્ષ સંઘના અગ્રણી રહેવા છતાં દીક્ષા લીધા પછી સંઘના કોઈ કાર્ય-અનુષ્ઠાનમાં કુતૂહલવશાત્ પ્રશ્ન કરવા જેટલો પણ રસ લીધો નથી, તેવી અંતર્મુખતા આત્મસાત્ કરી હતી, જે અતિશય દુષ્કર છે.

હું તેમના દીકરાની ઉંમરનો હોવા છતાં, મારા પ્રત્યેનું સમર્પણ સંપૂર્ણ એક દીકરાનું માતા પ્રત્યે હોય તેવું હતું. કદી તેમણે મારી વાત ઉત્થાપી નથી, અવગણી નથી. હું તેમને કંઈ પૂછું તો પણ આપ જે કરો તે બરાબર છે એ જ જવાબ હંમેશા રહ્યો છે.

પ્રતિક્રમણ ઉપયોગપૂર્વક કરવાનો યોગ તેમનો અદ્ભુત હતો. સવારનું પ્રતિક્રમણ કરતાં દોઢ કલાક થતો.

સ્તવન-સ્તુતિ વગેરેમાં આંખમાં આંસુ તો અગણિત વાર આવી જતાં.

પડિલેહણ પણ ખૂબ શાંતિથી-ઉપયોગ પૂર્વક કરતા. અંતિમ દિવસોમાં પણ કંઈક મૂકવાનું થાય તો ઓઘાથી પૂંજીને જ મૂકવાનો ઉપયોગ અદ્ભુત હતો.

સ્વસ્થ હતા ત્યાં સુધી માંડલીનો કાજો લેવો, મારા પાતરા લૂછવા, પાણી કાઢ્યા પછી ઘડા લૂછવા વગેરે કાર્યો આનંદ-ઉલ્લાસથી અચૂક કરતાં.

સહિષ્ણુતા-ક્ષમા તો એવી હતી કે તેમના પરિવારમાંથી કોઈએ તેમનો નારાજગીનો કે ઊંચો સ્વર પણ સાંભળ્યો નથી.

બાયપાસ અને પછી પાર્કિન્સનના કારણે આંશિક પરવશતા આવવા છતાં જેટલો ટાઈમ સ્વસ્થતા હોય ત્યાં સુધી સુકૃત-અનુમોદના, દુષ્કૃત ગર્હા વગેરેમાં જ વ્યસ્ત રહેતા.

મારા વ્યાખ્યાનની સહૃદયતાથી પ્રશંસા કરતા. સહેજ સંવેદનશીલ વાત હોય તો આંખ અશ્રુસભર બની જતી. આમ પ્રશાંત, સ્વાધ્યાયમય જીવન વ્યતીત થયું.

માગસર સુદ પાંચમથી સ્વાસ્થ્ય કથળ્યું હતું. સાતમની રાતે કટોકટી ઊભી થઈ હતી. પણ મૃત્યુ માટે તૈયાર, નિર્ભય હતા. રાતના ૧ થી સવારે ૩ સુધી પદ્માસને બેસીને શ્વાસના રુંધાવાની અકળામણ વચ્ચે પણ સ્વસ્થ ચિત્તે સ્તવનાદિ સાંભળ્યા. કોઈ ઊંહકારો પણ ૯ દિવસની માંદગીમાં કર્યો નથી. તે પછીના ૫ દિવસ અત્યંત પ્રસન્ન રહ્યા. વારંવાર આપે મને તાર્યો... વગેરે કહેતાં હર્ષાશ્રુથી ગદ્ગદ બની જતા. દશમ બપોરે ફરી કટોકટી સર્જાઈ પણ બચી ગયા. બારસ રાતે ફરી બચ્યા. તેરસથી વધુ કથળ્યું. છતાં મુઠસી પારવું, સાંભળતા ગદ્ગદ બનવું, પૂછતાં આવતા ભવે સીમંધર સ્વામી પાસે જવું છે, ૮ વર્ષે દીક્ષા લેવી છે વગેરે જવાબો આપવા વગેરે સ્વસ્થતા સંપૂર્ણ હતી.

ચૌદશ સવારથી શ્વાસની તકલીફ વધતાં ઓક્સિજન ચાલુ કર્યો. બપોરે ૧૧ વાગે તેમની સંમતિથી સાગાર અનશનના પચ્ચક્ખાણ આપ્યા. સવારથી અખંડ નવકારની ધૂન-સમાધિના સ્તવનો-પદો સતત ચાલુ હતા. વારંવાર મારા પ્રશ્નના જવાબમાં સીમંધર સ્વામી પાસે જવું છે, એ જ જવાબ હતો.

સાંજે ૪-૦૫ કલાકે સકળ ચતુર્વિધ સંઘ અખંડ અરિહંતની ધૂન સંભળાવી રહ્યો હતો. તેની વચ્ચે, મારા હાથમાં મસ્તક હતું ત્યારે અંતિમ શ્વાસ લીધો.

તેમની સમાધિ અમારા માટે ઉચ્ચ કોટિનું આલંબન બની છે. મારા શિષ્ય હોવા છતાં, ઉંમરથી વડીલ હોવાને કારણે મારા પણ છત્ર સમાન હતા, તેમની વિદાયથી ખાલીપો વર્તાઈ રહ્યો છે.

પૂજ્ય મુનિશ્રી મૃદુસુંદરવિજયજીએ પણ ખૂબ સેવા કરી છે. લાગણીથી સાચવ્યા છે. મજબૂત રહીને અંતિમ શ્વાસ સુધી નવકાર સંભળાવ્યો છે.

પૂજ્ય મુનિશ્રી નિર્મળસુંદરવિજયજીએ પણ પડિલેહણ-કાપ વગેરે સેવા અથાકપણે કરી.

સંઘના અગ્રણીઓ-કાર્યકરો પણ સતત ખડેપગે રહ્યા છે. મારું વચન અને બીજી સેંકડે તેનો અમલ-એટલું સમર્પણ દાખવ્યું છે. ડૉક્ટરો-સંજયભાઈ, પિયુષભાઈ, એ.કે.શાહ અને રાકેશભાઈ વગેરેએ ખૂબ સેવા કરી છે. સંજયભાઈની સેવાનું મૂલ્ય થઈ શકે તેવું નથી. એક એમ.ડી.ડૉક્ટર રાતના ૧ વાગે ૩ કિ.મી. પેશન્ટ સાથે ચાલે અને આખી રાત ઉપાશ્રયમાં રહે એ કલ્પના પણ કરી શકાય નહીં. છેલ્લા ૯ દિવસ તેમના સંસારી સુપુત્ર ભદ્રેશભાઈએ પણ અહીં રહીને સેવા કરી છે.

સહુની સેવાની અનુમોદના...તેમની સમાધિમાં પૂજ્ય ગચ્છાધિપતિશ્રી, મારા પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી મુક્તિવલ્લભસૂરિજી મહારાજના પત્રો સહાયક બન્યા છે. સહુ વડીલોનો ઉપકાર અવિસ્મરણીય છે.

પૂનમના પૂજ્ય પંન્યાસશ્રી વિરાગરત્નવિજયજી મહારાજની નિશ્રામાં દેવવંદન થયું. આજે તેમના ગુણાનુવાદ પણ થયા.

સ્વર્ગસ્થ આત્માનું જીવન અને મૃત્યુ, નિશ્ચિત સદ્ગતિની ખાતરી આપે છે. તેઓ પોતાની અધૂરી સાધનાને શીઘ્ર પૂર્ણ કરી, આત્મકલ્યાણ સાધે, એજ અભ્યર્થના....

તેમના જેવું સમાધિમરણ અમને સહુને મળે, તેવા આપ સહુના આશીર્વાદની ઝંખના સાથે.

દ. કૃપાકાંક્ષી ભવ્યસુંદરવિજયજીની વંદના.

# પરમ પૂજ્ય સાધ્વી ગીર્વાણરેખાશ્રીજી અમદાવાદ ખાતે કાળધર્મ પામ્યા

શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તિ દીક્ષા દાનેશ્વરી પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તિની પ્રવર્તિની પરમ પૂજ્ય સાધ્વીશ્રી પુણ્યરેખાશ્રીજીના સુશિષ્યા પરમ પૂજ્ય સાધ્વીશ્રી ગિર્વાણરેખાશ્રીજી ૮૩ વર્ષની વયે ૨૭ વર્ષનો સંયમ પર્યાય પાળી પોષ સુદ ૬ તા. ૧૫-૧-૨૦૧૬ શુક્રવારના સવારે ૯-૨૫ કલાકે ચતુર્વિધ સંઘની હાજરીમાં નમસ્કાર મહામંત્રના ભાષ્યજાપનું શ્રવણ કરતાં કરતાં પાર્થિવ દેહનો ત્યાગ કર્યો.

જે ફુલવાડીમાંથી ૯-૯ પુષ્પો પ્રભુશાસનને સમર્પિત થયા તે ફુલવાડીમાંના જ એક મઘમઘાયમાન પુષ્પસમા પરમ પૂજ્ય સાધ્વીશ્રી ગિર્વાણરેખાશ્રીજી ૫૬ વર્ષની જૈફ વયે વિરતિ વાટિકામાં વિહરવા સજ્જ બન્યા. બાદ સંયમ-સ્વાધ્યાય અને સમર્પણતાના સોપાનો ઉપર ઉર્ધ્વારોહણ કરતા ૨૭ વર્ષના સંયમપર્યાયમાંથી આજે એમની પંચમહાવ્રતોની દિવ્ય સૌરભ રેલાઈ રહી છે.

પરમ પૂજ્ય પ્રવર્તિની ગુરુમાતા સાધ્વીશ્રી પુણ્યરેખાશ્રીજી નું શિષ્યત્વ પામવાનું સૌભાગ્ય સાંપડ્યુ તે પણ પૂર્વકાલીન પુણ્યનું પ્રગટીકરણ જ કહેવાય. અમારા સંસ્કારોનો આધારસ્થંભ, વહેતું વાત્સલ્ય અને પ્રસન્નતાના પ્રવાહ સમા એ ઉપકારીને છેલ્લા ૪ વર્ષથી પેરાલીસીસની વ્યાધિમાં અશક્ત અવસ્થામાં અન્યની સહાય વિના એક પડખું પણ ન ફરી શકે ત્યારે અદીન મનવાળા બની તેમણે સમતા યોગને એવો સિદ્ધ કર્યો કે વ્યાધિ એ તેમના માટે મહાન નિર્જરાયોગ બની ગયો.

૮૩ વર્ષની ઉંમરે જર્જરીત દેહે શૃંખલાબદ્ધ વ્યાધિની વેદનાની સામે શરીરથી નિરપેક્ષ બની પ્રભુ વીર તથા પૂર્વઋષિઓના આદર્શને લક્ષ્યમાં રાખી કર્મની સજાને સ્મિતવદને વધાવનારા પૂજ્ય શ્રમણી ભગવંતે અશાતા વેદનીય કર્મના ઉદયની ક્ષણોને કર્મક્ષયની પ્રચંડ સાધનામાં કન્વર્ટ કરી મુખ પર પ્રસન્નતાનો પમરાટ ફેલાવી ખરેખર કમાલ કરી. અસહ્ય અને અકલ્પ્ય વેદનાની સામે અકથ્ય સહિષ્ણુતાને જોઈ લાગ્યું કે જીવનભર જે ભાવનાઓમાં રમ્યા તેનો જ પ્રતિઘોષ અંતિમ સમયે પણ ગુંજી રહ્યો.

ભવ્ય ભાગ્યોદય અને પ્રબળ પુણ્યોદયના કારણે છેલ્લા સાત દિવસમાં અમદાવાદ એચ.સી.જી. હોસ્પિટલમાં ૯ મા માળે પ્રાયઃ ૬૦ થી ૬૫ શ્રમણ-શ્રમણી ભગવંતો પધારતા તેના દર્શન કરતા-કરતા ''અંતિમપળ સુધી મને સમાધિ ટકી રહે'' બસ, એ જ આશીર્વાદ યાચતા અધ્યવસાયોની અધિકતર શુદ્ધિ પામતા રહ્યા.

અનાદિકાળથી કર્મસંગી બનેલો એમનો આત્મા પ્રભુનો શાશ્વતસંગી બની આત્મઋદ્ધિનો ભોક્તા બને એ જ આંતર મનિષા...

**પરમ પૂજ્ય સાધ્વીશ્રી ગીર્વાણરેખાશ્રીજીના સંસારી સુપુત્ર મુનિશ્રી મુનિશરત્ન વિજયજી મહારાજના પત્રના આધારે...**

(અનુસંધાન પાના નં. ૫૨ નું)

માગસર વદ ૯ ના સવારે ઉભય આચાર્યોના પાર્શ્વનાથ ભગવાનના પૂર્વભવોને વર્ણવતા પ્રવચનો થયા. બપોરે પ્રભુમિલનનો અદ્ભુત કાર્યક્રમ થયો જેમાં પૂજ્ય આચાર્યશ્રી **મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે** તડપનથી સમર્પણ સુધીના ૪ સ્ટેપનું વર્ણન કર્યું. પોષ વદ દશમીના દિવસે પ્રભુ પાર્શ્વનાથના જન્મ કલ્યાણક દિને સવારે જિનાલયમાં સામુહિક સ્નાત્ર મહોત્સવ થયો. સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ પાર્શ્વવંદનાનો મંગલમય કાર્યક્રમ થયો. બપોરે પ્રવચન થયું. એજ દિવસે પ્રથમ ઉપધાનના આરાધકોએ બીજા અઢારીયામાં પ્રવેશ કર્યો. અઠ્ઠમ તપના ત્રીજા દિવસે માગસર વદ ૧૧ મંગળવાર તા. ૫-૨-૧૬ના ભગવાન પાર્શ્વનાથના દીક્ષા કલ્યાણક દિને શ્રી કલિકુંડ તીર્થની ભાવયાત્રાનું મંગલ અનુષ્ઠાન થયું. અઠ્ઠમની પૂર્ણાહુતિ થતા સહુનું પારણું લાભાર્થી પરિવાર દ્વારા કરાવવામાં આવ્યું.

**અભિગ્રહ સ્વીકાર :**

ઉપધાન તપની આરાધના દરમિયાન વિવિધ પૂજ્યોએ વાચના અને પ્રવચન દરમિયાન નાના-મોટા અનેક અભિગ્રહો આપ્યા હતા. જેનો અનેક આરાધકોએ ખૂબ જ ઉલ્લાસથી સ્વીકાર કરેલ. આ અભિગ્રહો નીચે મુજબ હતા.

(૧) દશ વર્ષથી જે પેમેન્ટ પાછું ન આવ્યું હોય તે આવે તો સુકૃતમાં વાપરવું. (૨) બાથટબમાં કે શાવર નીચે નહાવું નહિ. (૩) બપોરે ચારથી સવાચારમાં મૌન રાખવું. (૪) કપડાની એક નવી જોડ લાવીએ તો એક જોડ અંગ લુંછણાની દેરાસરમાં મૂકવી. (૫) ૧૦૦ ગ્રામ નૈવેદ્ય પ્રભુને ચડાવવું. (૬) જન્મભૂમિના મૂળનાયકને વર્ષમાં એકવાર ૧૦૮ પ્રદક્ષિણા આપવી. (૭) ઘરે ગયા પછી બે મહિના સુધી રોજ ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. (૮) આજીવન આઈસ્ક્રીમનો ત્યાગ. (૯) ગામના મૂળનાયકની રોજ ૧ માળા ગણવી. (૧૦) બ્રેડ-પાંઉનો ત્યાગ (૧૧) ચાર મહાવિગઈનો ત્યાગ (૧૨) રોજ ૧ સામાયિક કરવું. (૧૩) ટી.વી.જોતા પૂર્વે ચારિત્રના ઉપકરણના દર્શન કરવા. (૧૪) ત્રણ દિવસ સંથારા પર શયન કરવું. (૧૫) મહિનામાં બે દિવસથી વધુ વાર બહારનું ન ખાવું, એમાંય રવિવારે તો ન જ ખાવું. (૧૬) ગુસ્સો કરતા પૂર્વે ૭ વાર નમો અરિહંતાણં બોલવું. (૧૭) જેમાં કંટેઈન્સની જાણકારી ન હોય તેવા ખાદ્ય પદાર્થો ખાવા નહીં.

**છરી'પાલક શત્રુંજય તીર્થયાત્રા સંઘ પ્રયાણ :**

સનવાડા નિવાસી (હાલ સાબરમતી) **શ્રીમતી મગનીબાઈ નેમીચંદજી ગોવાજી ગોંડલીયા-સોલંકી પરિવાર** આયોજિત છરી'પાલક તીર્થયાત્રા સંઘ નિમિત્તે તા.૨૦-૧-૧૬ના સવારે પરિવારનું આગમન થયું. બે ટાઈમ પૂજ્ય આચાર્યશ્રી **મહાબોધિ-રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના પ્રવચનો થયા. ઉપધાન તપના આયોજક અને સંઘના આયોજક પરિવારે અરસપરસ સંઘપતિનું બહુમાન કર્યું. શ્રી કલિકુંડ તીર્થ પેઢીએ પણ **સંઘવી પરિવાર**નું બહુમાન કર્યું. બીજા દિવસે પોષ સુદ બારસના સવારે પૂજ્ય ગચ્છાધિપતિશ્રી **જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની શુભ નિશ્રામાં સામૂહિક ચૈત્યવંદન થયા બાદ **સંઘવી પરિવારે** પૂજ્યોને ગુરુવંદન, માંગલિકશ્રવણ કરી કામળી વહોરાવવાનો વિધિ કર્યો. ત્યારબાદ પૂજ્યોના આશીર્વાદ ગ્રહણ કરી પૂજ્ય આચાર્યશ્રી **ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના શિષ્ય પૂજ્ય આચાર્યશ્રી **રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની નિશ્રામાં સરંડી તરફ શ્રી સંઘનું પ્રયાણ થયું. સંઘરત્ન **કુમારપાળભાઈ**એ સંઘને ગ્રીન સિગ્નલ આપેલા સ્વ.ગુરુદેવ**શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ**ની ૮૧મી દીક્ષા તિથિ નિમિત્તે સંઘમાં ૩૦૦થી અધિક આયંબિલની તપસ્યા થઈ.

**ગુરુ ગુણગણાનુવાદ :**

ન્યાય વિશારદ, વર્ધમાન તપોનિધિ, સ્વ.પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્વિજયભુવનભાનુસૂરિ મહારાજ સાહેબ**ની ૮૧ મી દીક્ષા તિથિ નિમિત્તે પોષ સુદ બારશ/ગુરુવાર તા.૨૧-૧-૨૦૧૬ના દિવસે સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ સુધી ગુણાનુવાદની સભાનું આયોજન થયેલ. પૂજ્ય આચાર્યશ્રી **જયસુંદર-મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય પંન્યાસ**શ્રી ભુવનસુંદર-પ્રશાંતવલ્લભ વિજયજી મહારાજે** સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના તપ-ત્યાગ-વૈરાગ્ય આદિ વિવિધ ગુણો પર પ્રકાશ પાડેલ.

**કલિકુંડ તીર્થે ચાતુર્માસજ્યોત્સવ :**

દર વર્ષની જેમ આ વર્ષનો ચાતુર્માસ જ્યોત્સવ પોષ વદ પ્રથમ એકમ, રવિવાર, તા.૨૪-૧-૧૬ના સવારે ૧૦ થી ૧ દરમિયાન કલિકુંડ તીર્થ ખાતે સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યશ્રી **જયઘોષસૂરિ મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં ઉજવાયો. આ પ્રસંગે મુંબઈ, મહારાષ્ટ્ર, ગુજરાત, સુરત, વડોદરા, અમદાવાદ, રાજસ્થાન, મધ્યપ્રદેશ આદિ અનેક સંઘોના ૧૦૦૦થી વધુ શ્રાવકો ઉપસ્થિત રહેલ. પૂજ્ય આચાર્યશ્રી **જયસુંદરસૂરિ મહારાજ સાહેબે** પ્રવચન દરમિયાન ટ્રસ્ટીઓને

પ્રાથમિક ધર્મ કર્તવ્યો ચુસ્ત બનવા વિતશિક્ષા આપેલ. તો પૂજ્ય આચાર્યશ્રી **મહાબોધિસૂરિ મહારાજ સાહેબે** ધર્મદ્રવ્ય વ્યવસ્થા દરેક ટ્રસ્ટીઓએ ગીતાર્થ ગુરુભગવંત પાસે અવશ્ય સમજવી જોઈએ. એ વિષય પર ભાર આપેલ. પ્રવચનબાદ શ્રી પ્રેમ-ભુવનભાનુ સમુદાયના શ્રમણગણની સ્મરણયાત્રા પુસ્તકનું તથા ગમતાનો કરીએ ગુલાલ (ભાગ-૨)નું વિમોચન થયેલ. અંતે સમુદાયના ગુરુભગવંતોના ચાતુર્માસની જય બોલાયેલ. પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ના ચાતુર્માસની જય જૈનનગર-પાલડી અમદાવાદ મધ્યે બોલાયેલ. પધારેલ તમામ ભાવુકોની ત્રણે ટાઈમની સાધર્મિક ભક્તિનો લાભ ઉપધાનતપના આયોજક **માતુશ્રી સવિતાબેન વાલચંદ શેઠ પરિવારે** લીધેલ.

**શેષ-અશેષ :**

- કલિકુંડ તીર્થમાં સ્થિરતા દરમિયાન પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ના દર્શન-વંદનાર્થે પૂજ્ય આચાર્યશ્રી **કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ,** પૂજ્ય આચાર્યશ્રી **અશોકસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ,** પૂજ્ય આચાર્યશ્રી **નિત્યાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ** (વલ્લભસૂરિજી સમુદાય), પૂજ્ય આચાર્યશ્રી **નયવર્ધન સૂરીશ્વરજી મહારાજ સાહેબ** (પૂજ્ય રામચંદ્રસૂરી સમુદાય), પૂજ્ય આચાર્યશ્રી **જિનચંદ્રસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ,** પૂજ્ય આચાર્યશ્રી **વર્ધમાનસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ,** પૂજ્ય આચાર્યશ્રી **રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ,** પૂજ્ય આચાર્યશ્રી **રત્નસેન સૂરીશ્વરજી મહારાજ સાહેબ** પધારેલ.
- મૌન એકાદશીએ ભાઈઓના દેવવંદન બપોરે પૂજ્યોની પાવનનિશ્રામાં થયા.
- માગસર સુદ ૧૨ ના પ્રવચનબાદ પૂજ્ય પંન્યાસશ્રી ભુવનસુંદર વિજયજી મહારાજના ૧૦૦ આયંબિલ (૫૪-૫૫-૫૬ મી ઓળી)ના પારણા નિમિત્તે વિવિધ ભાગ્યશાળીઓએ એક વર્ષમાં ગાથા, ધાર્મિક વાંચન, એક ટંકમાં ત્રણ દ્રવ્યથી વધુ ન વાપરવાના, આયંબિલ અને સામાયિકના ચડાવા લઈને વહોરાવવાનો લાભ લીધો.
- માગસર સુદ ૧૪ના પૂજ્ય મુનિશ્રી **તત્ત્વસુંદરવિજયજી મહારાજ** તથા પૂજ્ય મુનિશ્રી **મોક્ષસુંદરવિજયજી મહારાજ**ના કાળધર્મ નિમિત્તે પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ની નિશ્રામાં સામૂહિક દેવવંદન થયા.
- માગસર વદ ૨ ના પૂજ્ય સાધ્વીશ્રી **સોહનશ્રીજી** (કલિકુંડવાળા) ના સંયમજીવનના ૭૫ મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી** તેઓના સ્વાસ્થ્યની સાતા-પૃચ્છાર્થે તથા આશીર્વાદ આપવા તેમના ઉપાશ્રયે પધારેલ.
- પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી દયાસિંધુ વિજયજી મહારાજ સાહેબ**ની ૭૨ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે ઉપધાન તપના અનેક આરાધકોએ એક વર્ષમાં વધુને વધુ આયંબિલ તેમજ એક વર્ષ સુધી ઉકાળેલું પાણી વાપરવાનો નિયમ લઈ સુપાત્રદાનનો લાભ લીધો.
- ઉપધાનતપના ૧૦૦ આરાધકોએ ચાલુ ઉપધાનમાં અટ્ઠમતપની આરાધના કરી.
- પૂજ્ય મુનિશ્રી **અજિતવીર્યવિજયજી મહારાજ** (વાગડ સમુદાય)ની ૮૮મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે ઉપધાનતપના આરાધકોએ પૌષધ, થાળી ધોઈને પીવી, લીલોતરીનો ત્યાગ કરવો વગેરે અભિગ્રહો લઈ સુપાત્રદાનનો લાભ લીધેલ.
- ઉપધાન તપના લાભાર્થી **શેઠ પરિવાર** તથા તપસ્વીઓ દ્વારા અટ્ઠમના તમામ આરાધકોનું ૧૧૦૦ રૂા. થી બહુમાન થયેલ.
- માગસર વદ ૧૪ ના તમામ ઉપધાન તપના આરાધકો પૂજ્યોની નિશ્રામાં ધોળકા ગામના ભાલાપોળના આદીશ્વર જિનાલયે ચૈત્યપરિપાટીરૂપે પધાર્યા. લાભાર્થી પરિવારે જિનાલય ઉપકરણનો થાળ પ્રભુને ધરાવ્યો.
- બેસતા મહિને સ્થાપના તીર્થ શત્રુંજયની ચૈત્યપરિપાટી થઈ.
- તા.૧૦-૧-૧૬ના બપોરે પૂજ્ય આચાર્યશ્રી **મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**નું 'મારું જીવન સુગંધી બને' એ વિષય પર દાદાવાડીમાં જાહેર પ્રવચન થયું.
- તા.૧૧-૧-૧૬ના પૂજ્યશ્રીનું સરસ્વતી સ્કૂલ મધ્યે બપોરે ૩-૦૦ થી ૪-૩૦ ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'શ્રી સિક્રેટ્સ ઓફ હેપ્પી લાઈફ' વિષય પર પ્રવચન થયું.
- પોષ સુદ પાંચમની સવારે ઉપધાનના આરાધકોને સામૂહિક બાર વ્રત ઉચ્ચરાવવાનો તેમજ પુદ્ગલ વોસિરાવવાનો વિધિ કરાવાયો.
- પૂજ્ય મુનિશ્રી **રાજહંસ વિજયજી મહારાજ**ની ૫૭ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે લાભાર્થી પરિવારના ગૃહાંગણે તપસ્વીઓ સાથે પૂજ્યોના પગલા થયા.
- પોષ સુદ ૯ના બપોરે ૨-૩૦ થી ૪-૩૦ પૂજ્ય આચાર્યશ્રી **મહાબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ**નું ૧૩૮મું જાહેર પ્રવચન 'મા-બાપને ભૂલશો નહિ' પર થયું.
- ઉપધાનતપના આયોજક **માતુશ્રી સવિતાબેન વાલચંદભાઈ શેઠ પરિવારે** ઉપધાન તપ દરમિયાન પધારેલ મહેમાનોની મીઠા રસોડામાં ખૂબ જ ઉત્કૃષ્ટભાવથી ભક્તિ કરેલ. પરિવારના સભ્યો ખડેપગે ઉભા રહી સહુની ભક્તિ કરતા હતા.
- તપ દરમિયાન એક દિવસ તીર્થના ટ્રસ્ટીઓને આમંત્રણ આપી સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ. એક દિવસ તીર્થના સ્ટાફનું સુંદર બહુમાન કરેલ. એક દિવસ સુવર્ણસંધ્યા વૃદ્ધાશ્રમના વૃદ્ધોની ઉચિત અનુકંપાભક્તિ કરેલ.
- ઉપધાન તપમાં ત્રણ તપસ્વીઓએ મૂળવિધિથી ઉપધાન તપ કરેલ. આઠેક તપસ્વીઓએ નિવીના સ્થાને આયંબિલ કરેલ. તો આયોજક પરિવાર ના એક બાલ તપસ્વીએ મૃત્યુંજય તપની અપ્રમત્તપણે આરાધના કરેલ.

## કલિકુંડ તીર્થમાં થયેલ વિવિધ ગુરુભગવંતોના યોગોદ્વહન

### ઠાણાંગ સૂત્ર

**પરમ પૂજ્ય મુનિશ્રી હ્રીંકારસુંદર વિજયજી મહારાજ સાહેબ**
**પરમ પૂજ્ય મુનિશ્રી સુધારસ વિજયજી મહારાજ સાહેબ**

### સુયગડાંગ સૂત્ર

**પરમ પૂજ્ય મુનિશ્રી બોધિદર્શન વિજયજી મહારાજ સાહેબ**
**પરમ પૂજ્ય મુનિશ્રી તીર્થપ્રેમ વિજયજી મહારાજ સાહેબ**

### મહાનિશીથ સૂત્ર

**પરમ પૂજ્ય મુનિશ્રી ધર્મભૂષણ વિજયજી મહારાજ સાહેબ**
**પરમ પૂજ્ય મુનિશ્રી પદ્મરક્ષિતવિજયજી મહારાજ સાહેબ**
**પરમ પૂજ્ય મુનિશ્રી આત્મદૃષ્ટિ વિજયજી મહારાજ સાહેબ**
**પરમ પૂજ્ય મુનિશ્રી મોક્ષદૃષ્ટિ વિજયજી મહારાજ સાહેબ**

### કલ્પસૂત્ર

**પરમ પૂજ્ય મુનિશ્રી અર્હંપ્રેમ વિજયજી મહારાજ સાહેબ**
**પરમ પૂજ્ય મુનિશ્રી નિર્મળપ્રેમ વિજયજી મહારાજ સાહેબ**

### આચારાંગ સૂત્ર

**પરમ પૂજ્ય મુનિશ્રી રત્નભાનુ વિજયજી મહારાજ સાહેબ**

### ઉત્તરાધ્યયન સૂત્ર

**પરમ પૂજ્ય મુનિશ્રી પરમપ્રેમ વિજયજી મહારાજ સાહેબ**
**પરમ પૂજ્ય મુનિશ્રી જ્ઞાનયોગી વિજયજી મહારાજ સાહેબ**

## શ્રી સંઘમાન્ય જિનાજ્ઞા પંચાંગ

**વિ.સં. ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬**

**પોષ-૩૦**
**૧૦ જાન્યુ. થી ૮ ફેબ્રુ.**

**• સુદ •**
**૧૩ ક્ષય**

| તિથી | વાર | તા. |
|---|---|---|
| ૧ | રવિ | ૧૦જા. |
| ૨ | સોમ | ૧૧ |
| ૩ | મંગળ | ૧૨ |
| ૪ | બુધ | ૧૩ |
| ૫ | ગુરુ | ૧૪ |
| ૬ | શુક્ર | ૧૫ |
| ૭ | શનિ | ૧૬ |
| ૮ | રવિ | ૧૭ |
| ૯ | સોમ | ૧૮ |
| ૧૦ | મંગળ | ૧૯ |
| ૧૧ | બુધ | ૨૦ |
| ૧૨ | ગુરુ | ૨૧ |
| ૧૪ | શુક્ર | ૨૨ |
| ૧૫ | શનિ | ૨૩ |

**• વદ •**
**૧ વૃદ્ધિ**

| તિથી | વાર | તા. |
|---|---|---|
| ૧ | રવિ | ૨૪ |
| ૧ | સોમ | ૨૫ |
| ૨ | મંગળ | ૨૬ |
| ૩ | બુધ | ૨૭ |
| ૪ | ગુરુ | ૨૮ |
| ૫ | શુક્ર | ૨૯ |
| ૬ | શનિ | ૩૦ |
| ૭ | રવિ | ૩૧ |
| ૮ | સોમ | ૧ફે. |
| ૯ | મંગળ | ૨ |
| ૧૦ | બુધ | ૩ |
| ૧૧ | ગુરુ | ૪ |
| ૧૨ | શુક્ર | ૫ |
| ૧૩ | શનિ | ૬ |
| ૧૪ | રવિ | ૭ |
| ૩૦ | સોમ | ૮ |

**સુદ-૧૨, ગુરુ : પૂ.આ.શ્રી ભુવનભાનુ સૂ.મ. દીક્ષાતિથી**
**૧૪ જાન્યુ. :**
**ધનાર્ક કમૂરતા સમાપ્ત**

**રોહિણી : સુદ-૧૧, બુધ**
**પુષ્ય :**
**તા.૨૩ જાન્યુ., ૨૦.૦૯ થી**
**તા.૨૪ જાન્યુ., ૨૦.૪૬**
**વિંછૂડો :**
**તા.૨ ફેબ્રુ., ૦૯.૪૨ થી**
**તા.૪ ફેબ્રુ., ૧૯.૧૧**
**પંચક :**
**તા.૧૨ જાન્યુ., ૧૯.૧૯ થી**
**તા.૧૬ જાન્યુ., ૨૫.૧૪**
**કુંભ ચક્ર :**
**તા.૧૪ જાન્યુ., ૨૭.૫૬ થી**
**તા.૨૨ જાન્યુ., ૨૦.૦૧ તથા**
**તા.૨ ફેબ્રુ., ૧૬.૧૬ થી**
**તા.૮ ફેબ્રુ., ૧૭.૦૪ સુધી**

શુભ દિન

## સમાચાર દર્પણ

## સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભનિશ્રામાં થયેલ શાસન પ્રભાવનાના અનુમોદનીય સમાચાર

**કલિકુંડ તીર્થ :**

શ્રી પ્રેમ ભુવનભાનુ પટ્ટધર, સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની શુભનિશ્રામાં કલિકાલ કલ્પતરુ કલિકુંડ તીર્થમાં **માતુશ્રી સવિતાબેન વહાલચંદ છગનલાલ શેઠ-ધાનેરાવાળા** દ્વારા મંગલમય ઉપધાન તપની આરાધના નિર્વિઘ્ને ચાલી રહી છે. કુલ ૩૨૫ જેટલા આરાધકો ઉપધાન તપમાં જોડાયા છે. જેમાં ૯૦ જેટલા ભાઈઓ છે. લાભાર્થી પરિવારના **પ્રવીણભાઈ, શૈલેષભાઈ શેઠ, નિમેષભાઈ** આદિ ભાગ્યશાળીઓ ખૂબ જ ઉલ્લાસથી આરાધના કરી રહ્યા છે. રોજ સવારે પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદરસૂરિ મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના પ્રેરક પ્રવચનો ચાલે છે. કેટલાક આરાધકો મૂળ વિધિથી તો અનેક આરાધકો નિવિને બદલે આયંબિલથી ઉપધાન કરે છે. તેમજ પ્રવચન-વાચના દરમિયાન અનેક અભિગ્રહોને ધારણ કરે છે.

**ઉપકરણ વંદના :**

કલિકુંડ તીર્થોદ્ધારક પૂજ્ય આચાર્ય**શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સમુદાયના દીર્ઘસંયમી પૂજ્ય સાધ્વી**શ્રી સોહનશ્રીજી**ના ચારિત્ર જીવનના ૭૫માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે માગસર વદ બીજના સવારે ઉપકરણ વંદના કાર્યક્રમનું આયોજન થયેલ. સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે** પ્રત્યેક ઉપકરણનું મહત્ત્વ સમજાવેલ. આરાધનાના વિવિધ ચડાવાઓ બોલી ઉપધાનના આરાધકોએ ઉપકરણ ઘરે લઈ જવાનો લાભ લીધેલ. (પાંચ વર્ષમાં ચારિત્ર લેવું-ન લેવાય તો ત્રણ વિગઈનો ત્યાગ, સંથારા પર સૂવું, સવારે દેરાસરમાં પહેલો કાજો કાઢવો. પ્રભુજીના નિર્માલ્ય ઉતારવાથી માંડી તમામ પૂજા કરવી. આયંબિલ કરવા પાઠશાળામાં પ્રોત્સાહનાર્થે રકમ વાપરવી વગેરે) સંપૂર્ણ લાભ ઉપધાન તપના લાભાર્થી પરિવારે લીધેલ. સાંજે કલિકુંડ દાદાની ભવ્ય અંગરચના થયેલ. એ સિવાય જીવદયા વગેરેના કાર્યો થયેલ. જેનો લાભ પ્રાણીમિત્ર **શ્રી કુમારપાળભાઈ**એ લીધેલ. કાર્યક્રમ દરમિયાન સરાક ભાઈઓના ઉત્કર્ષ માટે પૂજાના વસ્ત્રોના સેટ લખાવવામાં આવેલ. વિવિધ ભાગ્યશાળીઓએ લાભ લેતા ૧૮૦૦ થી વધુ સેટ જાહેર થયેલ.

**પોષદશમી અટ્ઠમ :**

ભગવાન કલિકુંડ પાર્શ્વનાથના પોષદશમીના અટ્ઠમનો ઉપધાન તપના લાભાર્થીને લાભ મળતા પરિવારે અમદાવાદ અને નજીકના સંઘોને અટ્ઠમ તપ માટે આદર આમંત્રણ આપ્યું. સૌથી વધુ ભાઈઓ-બહેનો પધારતાં દરેકને માગસર વદ આઠમના સાંજે અત્તર પારણું કરાવ્યું.

(અનુસંધાન પાના નં. ૫૦ ઉપર)

## તારક જિનાજ્ઞા

- यस्यात्र ध्यानमात्रेण क्षीयन्ते जन्ममृत्यवः ।
  उत्पद्यते च विज्ञानं स ध्येयो नित्यमात्मना ॥

  જેનુ ધ્યાન કરવા માત્રથી જન્મમરણનો ક્ષય થાય છે અને આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે તેનું આત્માએ નિરંતર ધ્યાન કરવું.

  **(ધ્યાન દીપિકા-૧૭૨)**

- जिनैर्नानुमतं किंचिन्निषिद्धं वा न सर्वथा ।
  कार्ये भाव्यमदम्भेनेत्येषाऽऽज्ञा पारमेश्वरी ॥

  જિનેશ્વર ભગવંતોએ નથી તો કોઈ ધર્મનું એકાંતે વિધાન કર્યું, નથી તો કોઈ બાબતનો એકાંતે નિષેધ કર્યો ! એ પરમતારકોની તો એ જ આજ્ઞા છે કે વિહિત બધું કરો, નિષિદ્ધ બધું ત્યાગો પણ દંભમુક્ત બનીને જ.

  **(અધ્યાત્મસાર-૩/૨૦)**

- णाणस्स होइ भागी थिरतरतो दंसणे चरित्ते य ।
  धन्ना आवकहाए गुरु कुलवासं न मुंचन्ति ॥

  તેઓ ધન્ય છે જેઓ જીવનભર માટે ગુરુકુલવાસનો ત્યાગ કરતા નથી. તેઓ જ્ઞાનના ભાગી બને છે અને દર્શનમાં તેમજ ચારિત્રમાં પણ સ્થિરતા પામે છે.

  **(વિશેષાવશ્યક ભાષ્ય-૩૪૫૯)**

- असासएसु विसएसु सज्जो, जो मुज्झई मिच्छपहे अणजतो ।
  सो चंदणं रक्खकए दहिज्जा, चिंतामणिं कायकए गमिज्जा ॥

  ક્ષણભંગુર વિષયોમાં આસક્ત જે અનાર્ય મિથ્યામાર્ગમાં મુંઝાય છે. તેવો જીવ રાખને માટે ચંદનને બાળે છે અને કાચને માટે ચિંતામણિને ગુમાવે છે.

  **(ઉપદેશ સપ્તતિકા-૨૮)**

### ભુવનભાનુનાં અજવાળાં

**સહ્યું એટલું**
**પાપ ક્ષયના લાભમાં છે.**

● સૌજન્ય ●

**ભાવનગર નિવાસી જયપ્રકાશ શાંતિલાલ મૂળચંદભાઈ વોરા, વિરાગ જયપ્રકાશ વોરા - મુંબઈ**

### જિનશાસનનો જયઘોષ

**એક જ વિષય એક વખત રાગ કરાવે અને સમય જતાં એજ વિષય એનાં ઉપર દ્વેષ કરાવે છે.**

● સૌજન્ય ●

**ભાવનગર નિવાસી શ્રમણોપાસિકા લીલાવતીબેન શાંતિલાલ મૂળચંદભાઈ વોરા, વિરાગ જયપ્રકાશ વોરા - મુંબઈ**

FROM :
તારક જિનાજ્ઞા
C/o. દિવ્ય દર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા. જિ. અમદાવાદ.
PIN : 382225. (ગુજરાત)

BOOK-POST

TO,

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : દિવ્ય દર્શન ટ્રસ્ટ-કુમારપાળ વિ. શાહ**-૩૯, કલિકુંડ સોસાયટી, **કલિકુંડ, ધોળકા.** જિ. અમદાવાદ. PIN : 382225.
**મુદ્રણ સ્થાન :** બ્રિજેશ પ્રિન્ટીંગ પ્રેસ - એસ.ટી.સ્ટેન્ડ પાસે, મલાવ રોડ, ધોળકા. જિ. અમદાવાદ.